સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક






વર્ષ : ૪૮ અંક : ૨૫૪ જૂનાગઢ તા.૦૮-૧૦-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 254, Junagadh : Date : 08 October, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# હરીયાણામાં ભાજપની હેટ્રીક : જમ્મુ-કાશ્મીરમાં એનસી-કોંગ્રેસને બહુમતી

નવી દિલ્હી તા. ૮

હરીયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં મતગણતરીનો ટ્રેન્ડ લગભગ સ્પષ્ટ થઈ ગયો છે. આ લખાય રહયું છે ત્યારે બપોરે ૧.૦૦ કલાકનાં વલણ મુજબ હરીયાણા વિધાનસભામાં ભાજપ ત્રીજી વખત સત્તા મેળવવા તરફ આગળ વધી રહયો છે. હરીયાણામાં ભાજપની હેટ્રીક લગભગ નિશ્ચિત મનાય છે. જયારે બીજી તરફ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સ - કોંગ્રેસ ગઠબંધન સ્પષ્ટ બહુમતી તરફ આગળ વધી રહયું છે. હરીયાણા વિધાનસભાની કુલ ૯૦ બેઠકોમાંથી તમામ ૯૦ બેઠકોનાં વલણ પ્રાપ્ત થયા છે તેમાં ભાજપ ૪૯ બેઠકો પર આગળ છે જયારે કોંગ્રેસનાં ઉમેદવારો ૩૫ બેઠકો પર આગળ ચાલી રહયા છે જયારે અન્યને ફાળે ૬ બેઠકો જઈ રહી છે. હરીયાણા વિધાનસભામાં બહુમતી માટે મેઝીક ફીગર ૪૬ છે. વલણ જોતા ભાજપ અહીં ત્રીજી વખત સત્તારૂઢ થશે તે નિશ્ચિત મનાય રહયું છે. હરીયાણા વિધાનસભાનાં ચૂંટણી પરીણામો અંગે તમામ એકઝીટ પોલમાં કોંગ્રેસને બહુમતી દર્શાવાઈ હતી પરંતુ હરીયાણાનાં પરીણામોએ ફરી એકવાર તમામ એકઝીટ પોલને ખોટા સાબીત કર્યા છે જયારે જમ્મુ-કાશ્મીરમાં પરીણામો એકઝીટ પોલ અનુસાર આવ્યા છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ૯૦ બેઠકોનાં વલણ પ્રાપ્ત થયા છે જેમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસને પર બેઠકો મળી રહી છે. ભાજપને ૨૭ અને પીડીપીને બે બેઠકો મળી રહી છે જયારે અન્યને ફાળે ૯ બેઠકો જઈ રહી છે. ભાજપને જમ્મુ વિસ્તારમાં અપેક્ષીત સમર્થન મળ્યુ છે. જમ્મુ વિસ્તારની કુલ ૪૩ બેઠકોમાંથી ભાજપને કુલ ૨૭ બેઠકો મળી છે. જયારે નેશનલ કોંગ્રેસને ફાળે ૧૦ બેઠકો આવી છે જયારે અન્યને ફાળે ૬ બેઠકો જઈ રહી છે. જયારે કાશ્મીર ખીણ વિસ્તારમાં ભાજપનો સફાયો થઈ ગયો છે. કાશ્મીર ખીણ વિસ્તારમાં નેશનલ કોન્ફરન્સનો દબદબો રહયો છે.

હરીયાણામાં ઓલિમ્પિક સેલીબ્રીટી વિનેશ ફોગાટ ઝુલાના બેઠક પર પ્રારંભમાં પાછળ રહ્યા બાદ આગળ થઈ ગયા છે જયારે ભાજપની ટીકીટ નહીં મળવાથી અપક્ષ લડી રહેલા દેશના સૌથી ધનિક મહિલા સાવિત્રી જિંદાલ હિસાર બેઠક પર આગળ છે. જયારે ભાજપમાં મુખ્યમંત્રી પદના દાવેદાર અનિલ વીજ સતત લીડ બનાવી રહ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં ઉમર અબ્દુલ્લા બંને બેઠક પર આગળ છે. તો ભાજપના વરિષ્ઠ નેતા રવિન્દ્ર રૈના નવસેરા બેઠક પરથી પાછળ હોવાના અહેવાલ છે. મહેબુબા મુફતીના પુત્રી ઈલ્તીજા મુફતી જે બીજબહેરા બેઠક પરથી ચૂંટણી હારી રહયા હોવાનાં અહેવાલ છે.

જમ્મુ કાશ્મીરમાં આ રીતે કોંગ્રેસ અને એનસીપીનું જોડાણ સતા મેળવશે તે નિશ્ચિત બની ગયું છે અને રાજયમાં ફરી એક વખત ઉમર અબ્દુલ્લા મુખ્યમંત્રી પદ સંભાળશે તેવા સંકેત છે.

### હરીયાણા વિધાનસભાનું ચૂંટણી ચિત્ર

બપોર ૧ કલાકે

કુલ બેઠકો : ૯૦

વલણ જાહેર - ૯૦

ભાજપ - ૪૯

કોંગ્રેસ - ૩૫

અન્ય - ૦૪

### જમ્મુ-કાશ્મીર વિધાનસભાનું ચૂંટણી ચિત્ર


બપોર ૧ કલાકે

કુલ બેઠકો : ૯૦

વલણ જાહેર - ૯૦

| | |
|---|---|
| નેશનલ કોન્ફરન્સ + કોંગ્રેસ | -પર |
| ભાજપ | -૨૭ |
| અન્ય - | ૦૬ |

# શેરબજારમાં માત્ર ૬ દિવસમાં રોકાણકારોનાં રૂા.૨૫ લાખ કરોડનું જંગી ધોવાણ



મુંબઈ,તા.૮

શેરબજારમાં મહિનાઓ સુધી ચાલેલી રેકોર્ડબ્રેક તેજીની સાયકલમાં છેવટે પંચર પડયુ હોય તેમ છેલ્લા ૬ દિવસથી બજારમાં કરેકશન થઈ રહ્યું છે આ દરમ્યાન સેન્સેકસ ૪૦૦૦ પોઈન્ટ ગગડી ગયો છે અને ઈન્વેસ્ટરોની રૂા.૨૫ લાખ કરોડની મુડીનું ધોવાણ થઈ ગયુ છે.વિશ્વ સ્તરે ભૌગોલીક ટેન્શન, યુદ્ધનો માહોલ વકરવાનાં ભણકારા ક્રુડ તેલમાં ઉછાળા ચીનમાં રાહત પેકેજ સહીતનાં કારણોએ માર્કેટનુ માનસ બગાડી નાખ્યુ છે.

શેરબજારમાં છેલ્લા ૬ દિવસ દરમ્યાન સાર્વત્રીક વેચવાલીનો માહોલ રહેવા સાથે કડાકાભડાકા સર્જાવાને પગલે માર્કેટ છેલ્લા દોઢ માસનાં તળીયે સરકી ગયુ છે.ચાલુ વર્ષમાં પ્રથમ વખત સતત ૬ દિવસ સુધી મંદીનો માહોલ જોવા મળ્યો હતો. ૨૭ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબરનાં સમયગાળામાં સેન્સેકસ ૪૦૦૦ પોઈન્ટ કરતા પણ વધુ ઘટી ગયો હતો.

જયારે નીફટીએ પણ ૧૩૦૦ પોઈન્ટથી અધિકનું ગોથુ ખાધુ છે વિદેશી નાણા સંસ્થાઓએ આ સમયગાળામાં કરોડો રૂપિયાનો માલ ફુંકી દીધો હતો સતાવાર રીપોર્ટ પ્રમાણે વિદેશી સંસ્થાઓએ ચાલુ ઓકટોબરમાં અત્યાર સુધીમાં ૩૦૭૦૯ કરોડની વેચવાલી કરી હતી. ગઈકાલે સોમવારે પણ ૮૦૦૦ કરોડથી વધુનો માલ વેંચ્યો હતો. જયારે ગત ગુરૂવારે ૧૫૦૦૦ કરોડ તથા શુક્રવારે ૯૮૦૦ કરોડથી વધુના શેરોનું વેચાણ કર્યુ હતું.

શેરબજારના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે લાંબા વખત સુધી નબળા કારણોને ડીસ્કાઉન્ટ કરનાર માર્કેટ હવે નેગેટીવ કારણો સામે ઝીંક ઝીલી શકતુ નહી હોવાની છાપ છે.મધ્યપૂર્વમાં યુદ્ધનો માહોલ વધુ વણસવાની આશંકાથી ગભરાટ વધવા લાગ્યો છે. ક્રુડતેલમાં તેજી થતા સમગ્ર અર્થ વ્યવસ્થા પ્રભાવીત થવાની આશંકા વ્યકત થવા લાગી હતી.

## સોનાનાં ભાવમાં સતત તેજી : ૧૦ ગ્રામનાં રૂા. ૭૮,૭૦૦

મુંબઈ તા. ૮

સોનાની કિંમતોમાં સતત તેજીની આગેકૂચ જારી છે. જ્વેલર્સ દ્વારા સતત ખરીદી કરવામાં આવતા તેમ જ વિદેશી બજારોમાંથી મજબૂતીના સંકેતો મળતા સોમવારે એટલે કે સપ્તાહના પહેલા દિવસે સોનાની કિંમતમાં તેજી આવી છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે સોનાના ૧૦ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૨૫૦ વધીને રૂપિયા ૭૮,૭૦૦ થયા છે. આ સાથે જ તેના અગાઉના ઊંચી સપાટીનો રેકોર્ડ આજે તોડ્યો હતો.

# મહાત્મા ગાંધી આ દેશનાં રાષ્ટ્રપિતા હોઈ શકે નહી : સ્વામિ અવિમુકતેશ્વરાનંદ સરસ્વતી



રાયપુર તા. ૮

જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મહાત્મા ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા હોઈ શકે નહી. વાસ્તવમાં છત્તીસગઢની રાજધાની રાયપુર પહોંચેલા શંકરાચાર્યે અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. આ સાથે તેમણે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ કરી હતી. શંકરાચાર્યએ કહ્યું કે, એક દેશ, એક કર અને એક દેશ, એક ચૂંટણીની વાત થઈ રહી છે, તો ગાયને લઈને સમગ્ર દેશમાં પણ સમાન કાયદો હોવો જોઈએ. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે એક પ્રશ્નના જવાબમાં કહ્યું -ભારતમાં રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. ભારત કેટલા સમયથી અસ્તીત્વમાં છે તે કોઈ જાણતું નથી. પાકિસ્તાન એક અલગ રાષ્ટ્ર બન્યું અને મોહમ્મદ અલી ઝીણા ત્યાંના કાયદા-એ-આઝમ બન્યા કારણ કે પાકિસ્તાનનો નવો જન્મ થયો હતો. ભારત પહેલેથી જ હતું. લોકોએ અફવા ફેલાવી કે મોહનદાસ કરમચંદ ગાંધી રાષ્ટ્રપિતા છે. શંકરાચાર્યએ કહ્યું કે જો મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રપિતા કહેવામાં આવે છે તો એ જણાવવું જોઈએ કે તેમણે કયા રાષ્ટ્રને જન્મ આપ્યો છે. તેઓ પોતે આ રાષ્ટ્રમાં જન્મ્યા હતા. મોહનદાસ કરમચંદ ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે.

# રીયલ એસ્ટેટ પ્રોજેકટની તમામ માહિતી લોકોને કયુઆરકોડ દ્વારા આપવી ફરજીયાત

અમદાવાદ,તા.૮

રીયલ એસ્ટેટ ક્ષેત્રનાં પ્રોજેકટ વિશેની માહીતી હવે ગ્રાહકોને આસાનીથી ઉપલબ્ધ થઈ શકશે.ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (ગુજરેરા) દ્વારા પ્રોજેકટ વિજ્ઞાપનોમાં કયુઆર કોડ ફરજીયાત કરતો પરિપત્ર માંગતા ગ્રાહકો-લોકો આંગળીના ટેરવે જ બધી માહીતી મેળવી શકશે. ગુજરેરાના પરિપત્ર મુજબ રીઅલ એસ્ટેટ પ્રોજેકટની તમામ વિજ્ઞાપનો, બ્રોશર, પ્રોસ્પેકટસ સહીતની સામગ્રીમાં કયુઆર કોડ રાખવો પડશે. ગત ૧લી ઓકટોબરથી જ આ નિયમ અમલી બનાવી દેવામાં આવ્યો છે. કયુઆર કોડમાં બિલ્ડર-ડેવલપર તથા પ્રોજેકટને લગતી તમામ માહીતી હશે.અત્યાર સુધી વિજ્ઞાપનો કે પ્રચારમાં માત્ર ૮ આંકડાનો રેરા નંબર આપવાનું જ ફરજીયાત હતું. ગુજરેરાનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રોજેકટ પ્રચાર સામગ્રીમાં કયુઆર કોડ રહેવાના સંજોગોમાં સંબંધીત લોકો સ્માર્ટફોનથી તે સ્કેન કરીને તમામ માહિતી મેળવી શકે તેવો ઉદેશ આ નિયમ લાગુ કરવા પાછળનો છે. જોકે વેચાણ દસ્તાવેજ કે અન્ય કાનુની દસ્તાવેજોમાં ૮ આંકડાના રેરા નંબરને બદલે આખો રેરા રજીસ્ટ્રેશન નંબર દર્શાવવાનો રહેશે. કોઈ કાનુની વિવાદ સર્જાતો રોકવાનો ઉદેશ પણ છે.

# ડ્રગ્સની હેરાફેરી વિરુધ્ધ સરકાર કડક કાયદો લાવશે

નવી દિલ્હી તા. ૮ : ડ્રગની હેરાફેરી કરનારાઓ, વેચનારાઓ અને વપરાશકારો પર વધુ કડક કાર્યવાહી કરવા માટે, ગુજરાત સરકાર એક નવો કાયદો લાવવાની વિચારણા કરી રહી છે જેમાં અપવાદરૂપ કેસોમાં ફાંસીની સજા સહિત લાંબી અને આકરી સજાનો સમાવેશ થશે. વર્તમાન કાયદા હેઠળ મહત્તમ જેલની સજા પાંચ વર્ષ સુધીની છે. તે ડ્રગ સંબંધિત ગુનાઓ સાથે અસરકારક રીતે વ્યવહાર કરવા માટે વિશેષ અદાલતોની સ્થાપના કરવાની અને પોલીસને વધુ સત્તાઓ સોંપવાની પણ યોજના ધરાવે છે. ગૃહ વિભાગ હાલમાં સિંગાપોર અને જાપાન જેવા દેશોના કાયદાઓનો અભ્યાસ કરી રહ્યું છે, જેઓ વિશ્વમાં સૌથી સખત ડ્રગ વિરોધી કાયદાઓ પૈકી એક છે. વરિષ્ઠ સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે, બજેટ સત્ર દરમિયાન સંભવતઃ પ્રસ્તાવિત કરવામાં આવનાર બિલ એક વ્યાપક દસ્તાવેજ હશે, જેમાં ટ્રાફિકિંગથી લઈને વપરાશ સુધીના તમામ પાસાઓ આવરી લેવામાં આવશે. તેમ અહેવાલ જણાવે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જયારે સરકાર ડ્રગની હેરફેર અને વપરાશને રોકવા માટે સક્રિયપણે કામ કરી રહી છે, ત્યારે તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે નવા કાયદાનો ઉદ્દેશ્ય છે.


નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...
વરૂણ
દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુઃખાવો ● સાંધાનો દુઃખાવો
● ગરદનનો દુઃખાવો
● માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭














ઉધઈ
થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૯૯૯૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...





૮ ઓકટોબર - 'નમઃ સ્પૃશ દિપ્તમ' સૂત્રને ચરિતાર્થ કરતી ભારતીય વાયુસેનાનો ૯૨મો સ્થાપના દિવસ

# આભની અટારીએથી ભારતવાસીઓની આયુનું રક્ષણ કરતી ભારતીય વાયુસેનાની દિપાવતી બહાદુરીને સાદર સલામ કરી આદરથી બિરદાવાવાનો દિવસ એટલે ભારતીય વાયુસેના દિવસ

**આત્મનિર્ભરતા પ્રતિ આગેકદમઃ ભારતીય વાયુસેનામાં સ્વદેશી રીતે વિકસિત એરક્રાફ્ટનો સમાવેશ, જે આત્મનિર્ભર ભારતની દિશામાં સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે : રાફેલ, તેજસ, જેગુઆર, મિગ-૨૯, મિરાજ-૨૦૦૦, પેરા-ટ્રુપર્સ જેવા શકિતશાળી એરક્રાફટ સાથે દુનિયાની ચોથી સૌથી શકિતશાળી વાયુસેના**




'નમઃ સ્પૃશ દિપ્તમ' અર્થાત્ "ગૌરવ સાથે આકાશને સ્પર્શ કરો" - શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં ૧૧માં અધ્યાયમાં ભગવાન કૃષ્ણ દ્વારા અર્જુનને વિશ્વરૂપના દર્શન દરમિયાન આપવામાં આવેલ ઉપદેશનાં અંશને સૂત્ર બનાવી અદમ્ય સાહસ અને શૌર્ય થકી ગૌરવભેર આભની અટારીએથી ભારતવાસીઓનું રક્ષણ કરતી ભારતીય વાયુસેનાની બહાદુરીને સલામ કરવાનો દિવસ એટલે "ભારતીય વાયુસેના દિવસ". દર વર્ષે ૦૮ ઓકટોબરનાં રોજ સમગ્ર દેશમાં ઉત્સાહભેર આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જમીન પર લડતી સેનાને ટેકો આપવા માટે અવિરત કાર્યરત એરફોર્સ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધારવા માટે સમગ્ર દેશમાં વાયુસેના દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવી એરમેનની બહાદુરીને પણ સલામ કરવામાં આવે છે, કે જેઓ પોતાની અસીમ ક્ષમતા દ્વારા દેશની સુરક્ષાને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. આ વર્ષે દેશમાં ભારતીય વાયુસેના દિવસની ૯૨ મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય વાયુસેના વિવિધ શહેરોમાં વાયુસેના દિવસની ઉજવણીનું આયોજન કરી રહી છે. ગયા વર્ષે આ કાર્યક્રમ પ્રયાગરાજમાં અને તેના એક વર્ષ પહેલા ચંદીગઢમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ વર્ષે ભારતીય વાયુસેના દ્વારા ૯૨મી વર્ષગાંઠ અન્વયે ૨૧ વર્ષમાં પ્રથમ વખત તમિલનાડુના ચેન્નાઈમાં મરિના એરફિલ્ડ ખાતે એર એડવેન્ચર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય વાયુસેનાના ૭૨ વિમાનો સુલુર, તંજાવુર, તાંબરમ, અરક્કોનમ અને બેંગલુરૂથી ઉડાન ભરી હતી. આ એર શોમાં ભારતનું ગૌરવ કહેવાતા સ્વદેશી બનાવટના લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસની સાથે રાફેલ, MiG-૨૯ અને Sukhoi-૩૦ MKI જેવા આધુનિક લડાકુ વિમાનોએ પણ ફ્લાયપાસ્ટમાં ભાગ લીધો હતો. આ એર શોને અત્યાર સુધીમાં સૌથી મોટા અને ભવ્ય પ્રદર્શનમાંના એક હોવાની સાથે સૌથી વધુ ૧૫ લાખ લોકોએ નિહાળ્યો હોવાથી "લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ" માં સામેલ કરવામાં આવ્યો હતો. વધુને વધુ લોકો દેશની હવાઈ ક્ષમતાના સાક્ષી બની શકે તે હેતુસર આ ભવ્યાતિભવ્ય આયોજન વાયુસેના દ્વારા કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની "આત્મનિર્ભર ભારત"ની નેમને સાર્થક કરવા આત્મનિર્ભરતા પ્રતિ આગેકદમ થકી ભારતીય વાયુસેના દ્વારા સ્વદેશી રીતે વિકસિત અનેક એરક્રાફ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આત્મનિર્ભર ભારતની દિશામાં સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને વધુ મજબૂત અને શક્તિશાળી બનાવશે. રાફેલ, તેજસ, જેગુઆર, મિગ-૨૯, મિરાજ-૨૦૦૦, પેરા-ટ્રુપર્સ જેવા અનેકવિધ શકિતશાળી એરક્રાફટ સાથે દુનિયાની ચોથી સૌથી શકિતશાળી ભારતીય વાયુસેના તેના પરાક્રમ અને અદમ્ય સાહસ માટે દુનિયાભરમાં જાણીતી છે.

**ચાલો જાણીએ, ભારતીય વાયુસેનાનાં ઈતિહાસ વિશે**

આજના દિવસે વર્ષ ૧૯૩૨માં યુનાઈટેડ કિંગડમની રોયલ એર ફોર્સ માટે સહાયક દળ તરીકે ઈન્ડિયન એરફોર્સની સ્થાપના કરવામાં આવી હતી. પહેલી વખત વાયુસેનાએ ૦૧ એપ્રિલ, ૧૯૩૩ નાં રોજ ઉડાન ભરી હતી. પહેલું ઓપરેશન વજીરિસ્તાનમાં કબાલીઓ વિરૂદ્ધ હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એનું વિસ્તરણ કરવામાં આવ્યું. આ દરમ્યાન બર્મામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી ઈન્ડિયન એરફોર્સે જબરદસ્ત પ્રદર્શન કર્યા બાદ તેને "રોયલ" ઉપસર્ગ આપવામાં આવ્યો. આ રીતે "ઈન્ડિયન એરફોર્સ(IAF) "રોયલ ઈન્ડિયન એર ફોર્સ(RIAF)" તરીકે જાણીતું બન્યું. આઝાદી પછી રોયલ ઉપસર્ગ કાઢી એરફોર્સને નવું નામ મળ્યું "ભારતીય વાયુસેના (ઈન્ડિયન એરફોર્સ-IAF)". આઝાદી પહેલા એરફોર્સ ઉપર આર્મીનો કંટ્રોલ હતો. એરફોર્સને આર્મીના કમાન્ડથી સ્વતંત્ર બનાવવાનું ક્રેડિટ ઈન્ડિયન એરફોર્સના પહેલા કમાન્ડર ઈન ચીફ એર માર્શલ સર થોમસ ડબલ્યુ એલ્મહર્સ્ટને જાય છે. તેઓ ભારતીય વાયુસેનાના પહેલા ચીફ એર માર્શલ હતા. હાલ ચીફ માર્શલ તરીકે અમરપ્રીત સિંહ પદભાર સાંભળી રહ્યા છે. વાયુસેનાનું મુખ્યમથક દેશની રાજધાની દિલ્હીમાં આવેલું છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ જિલ્લા સ્થિત હિંડન એરફોર્સ સ્ટેશન એશિયાનું સૌથી મોટું એરફોર્સ સ્ટેશન છે.

**વાયુસેનામાં નેતૃત્વ કોણ કરે?**

ભારતના રાષ્ટ્રપતિ વાયુસેનાના સુપ્રીમ કમાન્ડરનું પદ ધરાવે છે. વાયુસેનાના વડા એક ફોર સ્ટાર એર ચીફ માર્શલ ઓફિસર હોય છે, જે મોટાભાગના ઓપરેશનલ કમાન્ડ માટે જવાબદાર હોય છે. એરફોર્સ પાંચ ઓપરેશનલ અને બે ફંકશનલ કમાન્ડ્સમાં વહેંચાયેલું છે. દરેક કમાન્ડનું નેતૃત્વ એર માર્શલની રેન્કના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ કરે છે. ઓપરેશનલ કમાન્ડનો હેતુ જવાબદારીવાળા વિસ્તારમાં એરક્રાફ્ટનો ઉપયોગ કરીને મિલિટ્રી ઓપરેશનને પાર પાડવાનો હોય છે.

**વાયુસેનાનો ધ્વજ**

ભારતીય વાયુ સેનાનો ધ્વજ તેના સિમ્બોલથી અલગ વાદળી કલરનો છે. જેમાં એક ચતુર્થાંશ ભાગમાં રાષ્ટ્રીય ધ્વજ, મધ્યભાગમાં રાષ્ટ્રધ્વજના ત્રણેય રંગ કેસરી, સફેદ અને લીલા રંગનાં બનેલા એક ગોળ સાથનો આ ધ્વજ ૧૯૫૧ માં અપનાવવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, ભારતીય વાયુસેના ભારતીય સશસ્ત્ર દળોને આકાશમાંથી સહાય પૂરી પાડે છે. ભારતીય હવાઈ ક્ષેત્રને સુરક્ષિત કરવાનું અને સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન હવાઈ યુદ્ધનું સંચાલન કરવું એ પ્રાથમિક મિશન છે. ભારતને તમામ સંભવિત જોખમોથી બચાવવાની સાથે મુશ્કેલી સમયે રાહત તેમજ બચાવકાર્ય પણ વાયુસેના દ્વારા હાથ ધરવામાં આવે છે. વાયુસેના બીજા વિશ્વયુદ્ધ, ભારત-ચીન યુદ્ધ, ઓપરેશન કેક્ટસ, ઓપરેશન વિજય, કારગિલ યુદ્ધ, ભારત-પાકિસ્તાન યુદ્ધ, કોંગો સંકટ વગેરે જેવા યુદ્ધોમાં સામેલ થઈ અદમ્ય પરાક્રમ અને સાહસની અનુભૂતિ કરાવી દેશને સુરક્ષા બક્ષી છે. ભારતીય વાયુસેનાએ ઘણા મહત્વના ઓપરેશન પાર પાડી દુશ્મનો સામે જીત મેળવીને દેશનું ગૌરવ વધાર્યું છે.

**વિશેષ અહેવાલ : ભાવિકા લીંબાસીયા**

# ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભક્તિભાવ પૂર્વક થઈ રહેલી ઉજવણી






## જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેષ ધાંધલીયા, નરસિંહ મહેતા યુનિ.ના કુલપતિ ચેતનભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવોએ લીધી શુભેચ્છા મુલાકાત

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ગરબી મંડળની બાળાઓ દ્વારા રજુ કરાતા રાસ નીહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. રાસ રમતી બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરવામાં આવી રહી છે. ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા આયોજીત કરાયેલા નવરાત્રી મહોત્સવને નીહાળવા વિવિધ ક્ષેત્રના આગેવાનો, મહાનુભાવો આ ગરબી મંડળની શુભેચ્છા મુલાકાતે આવે છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ પોલીસ અધિકારી હિતેષ ધાંધલીયા, નરસીંહ મહેતા યુનિવર્સિટીના કુલપતી ચેતનભાઈ ત્રિવેદી સહિતના મહાનુભાવોએ આ ગરબી મંડળની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને નવરાત્રી મહોત્સવની ઉજવણીમાં બાળાઓ દ્વારા લેવાતા સુંદર મજાના રાસ ગરબાની રમઝટ નિહાળી અને પ્રભાવિત થયા હતા. ગાંધીગ્રામ ગરબી મંડળના વિરાભાઈ મોરી અને કાર્યકર્તાઓ દ્વારા મહાનુભાવોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ હતું.ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ૨૦૦૧થી ૨૦૨૪ સુધી યોજાઈ રહેલા નવરાત્રીના મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટેની તનતોડ મહેનત કરનારા ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાઓ સર્વશ્રી વીરાભાઈ મોરી, જીગ્નેશભાઈ દવે, મજીદ ચૌહાણ, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, શાહરૂખ મકવાણા, કેતન આહીર, ભાવેશ મોરી, મીત કોડિયાતર, મેણશિભાઈ વાજા, પ્રફુલભાઈ શાહ, મનસુખભાઈ હડિયલ, સુરેશભાઈ સચનિયા, મેહુલ કોઠારી, યશ જોટનીયા, યશરાજ ગઢવી, ક્રિશ ચૌહાણ, કુમેશ મોરી, જીગ્નેશભાઈ બારૈયા તેમજ ગાંધીગ્રામ ગરબી મંડળમાં બાળાઓને રાસ ગરબાની પ્રેકટીસ કરાવનાર કુસુમબેન મહેતા, બંશીબેન નંદાણીયા, પુરીબેન કરમટા, હિનાબેન કરમટા, શીતલબેન મોરી, કોમલબેન બામરોટીયા, દિશાબેન ત્રિવેદી, રાધીકાબેન વગેરે દ્વારા પણ સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે ધામધૂમ પૂર્વક મહિલા સંમેલન ઉજવાયું


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮


બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે ગઈકાલનો સંપૂર્ણ દિવસ દાકતરી સલાહ અનુસાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ માટે વિશ્રામ દિન હતો. તેઓ માત્ર પૂજા અને દર્શનાર્થે મંદિરમાં પધાર્યા હતા. આ સાયંસભાના કાર્યક્રમમાં મુખ્ય સભા મંડપમાં જૂનાગઢ બી.એ.પી.એસ મહિલા મંડળ દ્વારા આયોજિત 'મહિલા સંમેલન' ધામધૂમ પૂર્વક યોજાયું હતું. આજના ભૌતિક વાદના સમાજમાં જ્યારે સંસ્કારોના તો લીરે લીરા ઉડી રહ્યા છે ત્યારે પ્રત્યેક પરિવારને સંસ્કાર અને સત્સંગની અનિવાર્યતા છે અને દરેક ધર્મસમાજ માટે, સત્સંગનાં ઊંડાણ માટે, ભગવાને આપેલા ધર્મ અને નિયમ, પરસ્પર સંપ સુહૃદભાવ તથા આંતરિક સમજણના ત્રિવેણી સંગમની જરૂરિયાત છે. તેવા કંઈક બીજ વિચાર સાથે આ મહિલા સંમેલન કાર્યક્રમમાં વિવિધ રજૂઆતો વિડીયો દર્શન, મહિલા, યુવતીઓ, બાલિકાઓ દ્વારા પેશ કરાઈ હતી. કાર્યક્રમમાં શિશુ - બાલિકાઓ દ્વારા સ્તુતિ પ્રાર્થના ગાન અને નૃત્ય રજૂ થયું હતું. તો યુવતીઓ દ્વારા મંચ ઉપર બીજ વિચારના આધારે બે કલાસભર નૃત્યો અને સંવાદો સુંદર રીતે પ્રસ્તુત કરાયાં હતાં. આમંત્રિત મહેમાનોનાં હારતોરાથી ભાવભર્યા સ્વાગત બાદ બી.એ.પી.એસ મહિલા મંડળ સૌરાષ્ટ્ર ઝોનના વડા શ્રીમતી ઈલાબેન પટેલે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ જૂનાગઢનાં આંગણે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં આગમનનું વિડીયો દર્શન કરાવાયું હતું. અત્રે ખાસ ઉલ્લેખનીય બાબત છે કે આ મહિલા સંમેલનમાં મહંત સ્વામી મહારાજ સાથે વિચરતા ઠાકોરજી શ્રી અક્ષર પુરૂષોત્તમ મહારાજને પધરાવાયા હતા અને ઉમંગભેર તેમનાં પૂજન આરતી વગેરે વિવિધ વિધિ વડે અને પ્રેમ ભાવ વડે વધામણાં સહુ બાલિકા-યુવતીઓ તથા મહિલાઓ દ્વારા કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત મહિલા સંમેલનમાં આમંત્રિત મહિલા મહેમાનો ગીતાબેન પરમાર, પૂર્વ મેયર, જૂનાગઢ મહાનગરપાલિકા, જ્યોતિબેન વાછાણી, પૂર્વ મેયર, જૂનાગઢ મહાનગરપાલિકા, જ્યોતિબેન કોરડીયા, આમંત્રિત ગીતાબેન કોટેચા, જ્યોતિબેન દેવમુરારી, CID ક્રાઈમ બ્રાંચના દેવીબેન માલમ, પી.એસ.આઈ, ગીતાબેન માલમ, પૂર્વ ડેપ્યુટી મેયર, જૂનાગઢ મહાનગરપાલિકા, ભાજપ મહિલા અગ્રણી કનકબેન વ્યાસ, નિતાબેન દવે કોલમિસ્ટ અંતમાં આમંત્રિત મહેમાનોએ આ કાર્યકરોનો આભાર વિધિ કરવામાં આવ્યો હતો.

# કેશોદ તાલુકાનાં પાડોદર મુકામે બીરાજતા ઠકરાર પરિવારનાં કુળદેવી રંગબાઈ માતાજીનો હવન

જૂનાગઢ તા.૮

આડ ઠકરાર પરિવાર જોગ જણાવવામાં આવે છે કે, કેશોદ તાલુકાનાં પાડોદર મુકામે બિરાજતા આદ્યશક્તિ શ્રી કુળદેવી શ્રી રંગબાઈ માતાજી તેમજ સુરાપુરા દાદાના સાનિધ્યમાં આસો સુદ-૮ને ગુરૂવાર તારીખ ૧૦-૧૦-૨૦૨૪ ના રોજ હવનનું આયોજન કરેલ છે. તેમજ હવનમાં બીડું હોમવાનો સમય બપોરે ૧.૧૫ કલાકે રાખેલ છે. તો દરેક ઠકરાર પરિવારજનોએ હવનનો તથા બીડુ હોમવાના દર્શનનો લાભ લેવા કાળુભાઈ ઠકરારની એક યાદીમાં જણાવવામાં આવે છે તો દરેક ઠકરાર પરિવારે લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# "આંતર રાષ્ટીય બાલિકા દિવસ" અંતર્ગત આજના દિવસે જન્મેલ લક્ષ્મી સ્વરૂપા દિકરીઓને દિકરી વધામણા કીટ વિતરણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી.સોજીત્રા તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ આજ રોજ DHEW,VMK ટીમ દ્વારા આંતરરાષ્ટ્રી બાલિકા દિવસ ઉજવણી અંતર્ગત દિકરી વધામણા કીટ વિતરણ કરી સમાજમા દીકરા દિકરીના ભેદભાવ ઘટાડવા, દિકરી જન્મને પ્રોત્સાહન મળે અને આજના દિવસે જન્મેલ લક્ષ્મી સ્વરૂપા દિકરીઓને કીટ વિતરણ સિવિલ હોસ્પિટલ જૂનાગઢ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવી. વ્હાલી દિકરી યોજના અંગે વિગતે ચર્ચા કરી હતી. વ્હાલી દિકરી યોજના અંતર્ગત ફોર્મ ભરવામાં મુશ્કેલી પડેતો જિલ્લા કક્ષાનો સંપર્ક અર્થે સંપર્ક નંબર પણ આપવામાં આવ્યા.


# ઊનાની એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટના જજે કાંધી ગામે મારામારી-હુમલા કેસમાં ૧૬ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૮

ઊના તાલુકાના કાંધી ગામે ગત તારીખ ૬-૩-૧૯૯૬ના રોજ સવારે ભાણા ભાઈ રામ ભાઈ અને તેના પરિવારના પાંચ સભ્યો ઉપર અગાઉના ઝગડાના મનદુઃખને કારણે હરિજન પ્રવીણભાઈ ડાયાભાઈ સહિત ૧૬ લોકોએ એક સંપ કરી ગેર કાયદેસર મંડળી રચી લાકડી, કુહાડી તથા લોખંડની ટી વડે હુમલો કરી ગાળો આપી છૂટ્ટા પથરો ઘા કરી પાંચ લોકોને ઈજાઓ પહોંચાડી હતી. જેમાં પ્રેમજીભાઈ રામ ભાઈના માથામાં ઈજાઓ કરી નાસી ગયાની ઊના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આઈ.પી.સી. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૩૩૭, બી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી તમામ આરોપીઓની ધરપકડ કરી હતી. જેનું ચાર્જ સીટ ઊનાની કોર્ટમાં રજુ કરેલ હતું. આ કેસ ઊનામાં આવેલ એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટ માં ચાલેલ હતો આરોપીઓના બચાવ પક્ષે ઊનાના વકીલ એમ.એ. નકવી રહેલ હતા.

આ કેસ ચાલ્યો ત્યાં સુધીમાં આરોપી કનુભાઈ માધાભાઈ, ચનાભાઈ ખીમાભાઈ, ઉગાભાઈ લક્ષ્મણ ભાઈ, પરબતભાઈ માધાભાઈ અવસાન પામેલ હતા. આ કેસમાં બચાવ પક્ષે વકીલ એમ.એ.નકવી કોર્ટમાં દલીલો કરી હતી કે ફરિયાદ પક્ષના સાહેદો, પંચોની ઉલટ તપાસ કરી રજૂઆત કરેલ કે બનાવ જગ્યા અને આરોપીએ હથિયાર હુમલામાં ક્યું વાપરેલ તે સાબિત કરી શક્યા ન હતા. સાહેદ બનાવના સ્થળે હજાર ન હોય ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નહિ, ફરિયાદી અને સહેદો એક જ પરિવારના સભ્યો છે. ફરિયાદી પક્ષએ કાંધી ગામની ગોચર જમીનમાં પેશકદમી કરેલ છે કબજો તેમની પાસે છે. ગામના લોકો ફરિયાદી પક્ષના લોકોને મજૂરીએ બોલાવતા ના હોય. આરોપી પક્ષના લોકોને મજૂરીએ બોલાવતા હોય તે મનદુઃખના કારણે ફરિયાદ દાખલ કરી હોવાનું તેમજ ફરિયાદ પક્ષે સાહેદ રાણીબેન કોર્ટ સમક્ષ કહેલ કે તેમનું નિવેદન લીધેલ નથી વિગેરે ધારદાર દલીલોથી રજૂઆત કરેલ હતી. ઊના ની એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટના જજ એચ.કે. વછરાજાનીએ નામદાર સર્વોચ્ચ અદાલતના ભરવાડ ભોગીનભાઈ હીરજીના ચુકાદાના સિધ્ધાંતો તથા ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨માં કરેલ અધિનિયમ કરેલ સિધ્ધાંતો લક્ષમાં રાખી મૂલવતા જણાવેલ કે સદરહુ રેકર્ડ ઉપર આવેલ ફરિયાદ પક્ષના કેસની તાત્વિક હકીકતો માનવને કોઈ કારણ જણાય આવતું નથી જેથી સમગ્ર પૂરવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદી પક્ષ આરોપીઓની વિરૂદ્ધ દ્રઢ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નહિ હોવાનુ સ્પષ્ટ બની રહેલ હોય આરોપી તકસીર વાન ઠરાવવા પૂરતો પુરાવો ફરિયાદ પક્ષ રજૂ કરી શકેલ ન હોય આ ગુના ના આરોપી હરિજન પ્રવીણરભાઈ ડાયાભાઈ, છગનભાઈ મંગાભાઈ, ટાભાભાઈ ચનાભાઈ, રાજાભાઈ ચનાભાઈ, ભાણાભાઈ ચનાભાઈ, ઉકાભાઈ ચનાભાઈ, જેંતીભાઈ મેઘાભાઈ, પ્રેમજીભાઈ ચનાભાઈ, વનિતાબેન ભાણાભાઈ સાંખટ, ડાઈબેન ઉગાભાઈ, દેશીબેન ચનાભાઈ, લાખાભાઈ કનુભાઈ, રે. તમામ કાંધી તા.ઊના આઈ.પી.સી.૧૪૩, કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૩૩૭, બી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કરવામાં આવેલ હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભ્રષ્ટાચારીઓ માટે ઢાલ બનતી સરકારો

ભ્રષ્ટાચારને લઈને રાજકીય પક્ષો મોટા-મોટા દાવા કરે છે, પરંતુ સ્થિતિ વાદે હૈં વાદોં કા ક્યા... જેવી છે. ભાજપી ગઠબંધને લોકસભા ચૂંટણી દરમ્યાન વિપક્ષી દળોના ભ્રષ્ટાચારને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. એ જ રીતે વિપક્ષી દળોએ પણ કેન્દ્રની ભાજપ સરકાર વિરુદ્ધ ભ્રષ્ટાચારને નિશાના પર રાખ્યો હતો. સત્તાપક્ષ અને વિપક્ષે ભ્રષ્ટાચાર પર એકબીજા પર જબરદસ્ત પ્રહાર છતાં આ મુદ્દો સતત ફેલાતો જ જાય છે. ભ્રષ્ટાચારની આ ગટરથી કોઈ વણસ્પર્શ્યું નથી. ભ્રષ્ટાચારનો મૂળથી ખાતમો કરવો તો દૂર પણ સત્તાતંત્ર ભ્રષ્ટાચારીઓની ઢાલ બનીને ઊભું છે. તેમાં કોઈપણ રાજકીય પક્ષ પાછળ નથી. દેશને ખોખલો કરનારા આ ધીમા ઝેરને સંરક્ષણ આપવામાં કેન્દ્ર અને રાજ્યોની સરકારો પાછળ નથી. કેન્દ્ર સરકારના વિભિન્ન મંત્રાલયો અને રાજ્ય સરકારોએ ૨૧૨ કેસોમાં સીબીઆઈને ભ્રષ્ટાચારના દોષી જોવા મળેલા ૫૪૩ અધિકારીઓ અને કર્મચારીઓ પર કાર્યવાહી કરવાની સ્વીકૃતિ ધૂળ ખાય છે. સીબીઆઈના કામકાજ પર નજર રાખનારા સીવીસીના રિપોર્ટ અનુસાર તેમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોમાં અબિયોજન સ્વીકૃતિના ૪૩ કેસો સામેલ છે જેમાં ૧૪૯ અધિકારી ભ્રષ્ટાચારના દોષી જોવા મળ્યા છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે ગયા વર્ષે ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો રેલવે કર્મચારીઓ વિરુદ્ધ થઈ. ત્યારબાદ દિલ્હીના સ્થાનિક નિગમો અને જાહેર ક્ષેત્રની બેંકો વિરુદ્ધ ફરિયાદો મળી. રિપોર્ટ અનુસાર ૨૦૨૩માં તમામ શ્રેણીના અધિકારીઓ-કર્મચારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારની કુલ ૭૪,૨૦૩ ફરિયાદો મળી, જેમાંથી ૬૬,૩૭૩નો નિકાલ કરી દેવાયો અને ૭૮૩૦ ફરિયાદો પડતર છે. સીવીસીના રિપોર્ટ અનુસાર કેન્દ્ર સરકારમાં નાણાં મંત્રાલયના વિવિધ વિભાગોમાં કર્યવાહી સ્વીકૃતિના સૌથી વધુ ૭૫ કેસો ધૂળ ખાય છે જેમાં ૧૯૭ ભ્રષ્ટ અધિકારી-કર્મચારીઓ ફસાયેલા છે. તેમાં નાણાં સેવા વિભાગના ૫૩ કેસોમાં કેસ ચલાવવાની અનુમતિ પડતર છે. નાણાં મંત્રાલય બાદ રક્ષા, રેલવે, શિક્ષણ અને કાર્મિક મંત્રાલયોમાં પડતર કેસોની સંખ્યા અપેક્ષાકૃત વધારે છે. રાજ્ય સરકારો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભ્રષ્ટાચારના કેસોમા સેંકડો અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહીની સ્વીકૃતિ જ નથી અપાતી. રાજ્યો-કેન્દ્રશાસિત રાજ્યોમાં કુલ ૪૧ ભ્રષ્ટાચારના કેસોમાં ૧૪૯ અધિકારી આરોપી છે. તેમાં મહારાષ્ટ્રમાં ૩ કેસોમાં ૪૧, ઉત્તર પ્રદેશમાં ૧૦ કેસોમાં ૩૧, પશ્ચિમ બંગાળમાં ૪ કેસોમાં ૨૫, કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરમાં ૪માં ૧૯, પંજાબમાં ૪ માં ૬, મધ્ય પ્રદેશમાં ૧ ભ્રષ્ટાચારના પ્રકરણમાં ૧ અધિકારી સામેલ છે. રિપોર્ટ અનુસાર નિયમોનુસાર સીબીઆઈના પ્રસ્તાવ મોકલાયા બાદ અધિકતમ ત્રણ મહિનામાં કાર્યવાહીની સ્વીકૃતિ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, પરંતુ પડતર કેસોમાં ૨૪૯ અધિકારીઓ વિરુદ્ધ ૮૧ કેસો ત્રણ મહિનાથી વધુ જૂના છે.

સીવીસી રિપોર્ટમાં એ કેસોનો પણ ઉલ્લેખ છે જેમાં તપાસમાં દોષી ઠેરવાયેલા અધિકારીઓ વિરુદ્ધ આયોગની ભલામણોને પણ નજરઅંદાજ કરી દેવામાં આવી. તેમાં વિભિન્ન મત્રાલયો અને કેન્દ્ર સરકારને અધીન સંસ્થાઓ (પીએસયુ બેંક વગેરે) સામેલ છે. સીવીસી કેન્દ્રીય મંત્રાલયો અને પીએસયુ-બેંકોમાં મુખ્ય સતર્કતા અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર અને ગરબડો પર નજર રાખે છે. સીવીસીએ કહ્યું કે કેટલાંક સંગઠન આયોગની સલાહ પર અમલ કરવા અને આરોપી અધિકારીને ચાર્જશીટ જારી કરવામાં વિલંબ કરે છે. એનાથી કેટલાય મામલે દોષી અધિકારી સેવાનિવૃત્ત થઈ જાયછે અને સમય સીમા ચૂકવાને કારણે કોઈ ભ્રષ્ટ અધિકારી પર કોઈ કાર્યવાહી નથી થઈ શકતી. ઉલ્લેખનીય છે કે સરકારી વિભાગોમાં વિષવેલની જેમ વધતા ભ્રષ્ટાચાર પર ભારત વિશ્વમાં કલંકિત થઈ રહ્યું છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના એક રિપોર્ટ અનુસાર ૨૦૨૩ માટે ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંકમાં ભારત ૧૮૦ દેશોમાં ૯૩મા સ્થાને રહ્યું. જ્યારે ૨૦૨૨માં ભારતનો રેંક ૮૫મો હતો. અર્થાત ભારતમાં ભ્રષ્ટાચારની ગતિ અટકી નથી. તેમાં ઝડપ આવી છે. આ ઈન્ડેક્સમાં ભારત આઠ સ્તર આગળ વધી ગયું. ૨૦૨૩ના રિપોર્ટ અનુસાર દક્ષિણ એશિયામાં પાકિસ્તાન (૧૩૩) અને શ્રીલંકા (૧૧૫) પોતાના દેવાના બોજ તળે દબાયેલા છે અને રાજકીય અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યા છે. રિપોર્ટમાં કહેવાયું કે ચીન (૭૬) પાછલા દાયકામાં ભ્રષ્ટાચાર માટે ૩૭ લાખથી વધુ જાહેર અધિકારીઓને દંડિત કરીને પોતાની આક્રમક ભ્રષ્ટાચાર વિરોધી કાર્યવાહીઓથી પ્રશંસા મેળવી.

ભ્રષ્ટાચારથી દેશનું એક પણ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વણસ્પર્શ્યા નથી. કેન્દ્ર હોય કે રાજ્યોમાં ચાહે કોઈપણ રાજકીય પક્ષની સરકાર હોય, પરંતુ એક પણ સત્તારૂઢ પક્ષ એ દાવો ન કરી શકે કે કોઈપણ એક વિભાગ સંપૂર્ણપણે ભ્રષ્ટાચારથી મુક્ત થઈ શક્યો છે. દેશની પ્રગતિમાં અડચણ બનેલો આ મુદ્દો માત્ર શોરબકોર સુધી વધારે સીમિત છે. જમીની સ્તર પર કોઈપણ રાજકીય પક્ષ તેને મૂળસહિત ખાત્માની દિશાને લઈને ગંભીર નથી. એવું નથી કે ભ્રષ્ટાચારના કેસો માત્ર અધિકારીઓ સુધી જ સીમિત છે. રાજનેતાઓ પણ તેમાં પાછળ નથ. બીજા શબ્દોમાં કહીએ તો બંનેના ગઠબંધનને કારણે જ ભ્રષ્ટાચાર વધતો જાય છે. કેન્દ્ર અને રાજ્યોની સરકારો વિકાસ અને પારદર્શિતાના ચાહે ગમે તેવા દાવા કરે, પરંતુ જ્યાં સુધી ભ્રષ્ટાચાર છે ત્યાં સુધી દેશને આ મુદ્દે નીચાજોણું થતું જ રહેશે.

# ભાણવડમાં પરપ્રાંતિય સગીરાના અપહરણ તેમજ દુષ્કર્મ કેસમાં આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ

## મદદગારી કરનાર આરોપીને પણ પાંચ વર્ષની સજા, દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ભાણવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મજૂરી કામ અર્થે મધ્યપ્રદેશથી આવેલા એક પરિવારની આશરે ૧૪ વર્ષની સગીર પુત્રીને ગત તારીખ ૨-૧૨-૨૦૧૫ ના રોજ રાત્રિના આશરે નવેક વાગ્યાના સમયે મધ્ય પ્રદેશ રાજ્યના ધાર જિલ્લાના કુકશી તાલુકાના મૂળ રહીશ અને આ જ વિસ્તારમાં રહીને મજૂરી કામ કરતા આરોપી મહેશ ઉર્ફે મૈયો રામસિંગ બામનીયા તથા તેનો મિત્ર ગુડો ઉર્ફ ગુડુ રમેશ લખમણ વાસ્કેલા (રહે. કુકશી) દ્વારા આ સગીરા તેણીની દાદી પાસે હતી, ત્યારે અપહરણ કરીને બળજબરીપૂર્વક લઈ ગયા હતા. તે દરમિયાન સગીરાના પિતા આવી ગયા હતા અને તેણીની શોધખોળ કરતા તેણીનો પતો લાગ્યો ન હતો. આથી સગીરાના દાદાએ પોતાની પૌત્રીનું બદકામના ઈરાદાથી અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ ભાણવડ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ તેમજ અપહરણની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર પ્રકરણમાં આરોપીઓ સગીરાને માલપુર ચીતવારા ગામે લઈ ગયા હતા અને ત્યાં આરોપી મહેશ ઉર્ફે મૈયો રામસિંગએ સગીરા પર મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ પછી સગીરા ૮ દિવસ બાદ યેનકેન પ્રકારે આરોપી પાસેથી નાસી જઈ અને રોડ પરથી પસાર થતા એક ટ્રકમાં બેસીને ખરગોન જિલ્લામાં આવેલા એક ગામ ખાતે પહોંચી ગઈ હતી. ત્યાં તેણીએ પોતાના પિતાને આ બનાવની વાત કરી હતી. ત્યાર બાદ પોલીસે સગીરાનો કબજો મેળવીને તેણીની જરૂરી મેડિકલ તપાસણી કરાવી હતી. આ સગીરાનો જન્મનો કોઈ પુરાવો ન હોય તેમજ તેણે અભ્યાસ પણ કર્યો ન હોવાથી તેને જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે નિષ્ણાત ડોક્ટરો પાસે લઈ જઈ અને વિવિધ ટેસ્ટ કરાવી ઉંમરના મેળવવામાં આવેલા અંદાજમાં તેણીની ઉંમર ૧૪ થી ૧૬ વર્ષ વચ્ચેની હોવાનું ખુલવા પામ્યું હતું. આ પ્રકરણમાં લાંબા સમયથી નાસતા ફરતા મુખ્ય આરોપી મહેશ ઉર્ફે મૈયો રામસિંગ (રહે. માલપુરા, જી. ધાર, રાજ્ય મધ્યપ્રદેશ)ને તારીખ ૧૯-૦૬-૨૦૨૧ ના રોજ ભાણવડ તાલુકાના મોડપર ગામેથી મજૂરી કરતા પોલીસે ઝડપી લીધો હતો. જ્યારે અન્ય આરોપી ગુડો રમેશ લક્ષ્મણ વાસ્કેલાને રાણા વડવાળા ગામે મજૂરી કરતા તારીખ ૧૮-૦૬-૨૦૨૧ ના રોજ અટકાયત કરી લેવામાં આવી હતી. આ સમગ્ર કેસમાં પોલીસે આરોપીઓની જરૂરી મેડિકલ તપાસણી કરાવી અને નમુના કબજે લીધા હતા. ત્યાર બાદ આ સમગ્ર પોક્સો કેસ ખંભાળિયાની સ્પે. પોક્સો અદાલતમાં મેજિસ્ટ્રેટ શ્રી એસ.જી. મનસુરી સમક્ષ ચાલી જતા આ પ્રકરણમાં ૨૦ સાક્ષીઓની તપાસ, ફરિયાદી તથા ભોગ બનનારની જુબાની, ડોક્ટરો તેમજ નિષ્ણાંતોના અભિપ્રાય તેમજ અન્ય મુદ્દે જિલ્લા સરકારી વકીલ લાખાભાઈ ચાવડા દ્વારા વિસ્તૃત દલીલો કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને નામદાર અદાલતે બંનેને તકસીરવાન ઠેરવી, સ્પેશિયલ જજ શ્રી એસ.જી. મનસુરી દ્વારા મુખ્ય આરોપી મહેશ ઉર્ફે મૈયો રામસિંગને જુદા-જુદા ગુનાઓમાં કુલ ૧૦ વર્ષની સખત કેદ અને રૂપિયા ૨૦,૦૦૦ નો રોકડ દંડ તેમજ મદદગારી સબબ અન્ય આરોપી ગુડો ઉર્ફે ગુડુ રમેશને પણ પાંચ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૨,૫૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં ભોગ બનનાર સગીરાના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે વિટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

# લોઢવા ગામે તુલજા ભવાની મંદિરે ક્લબ મહિન્દ્રા દ્વારા વોટર કુલર અર્પણ



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૮

ક્લબ મહિન્દ્રા ગીર રિસોર્ટ દ્વારા સોશ્યિલ એકટીવીટી ના ભાગ રૂપે લોઢવા ગામે શ્રી તુળજાભવાની માતાના મંદિર માટે વોટર કુલર સિસ્ટમનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉપસ્થિત ક્લબ મહિન્દ્રા ગીર રિસોર્ટના **HR** મેનેજર ભરતભાઈ વાળા, અલતાપ દલ, ખલીલ જીકાની સ્ટોર અને પરચેઝ ડીપાર્ટમેન્ટ તરફથી તથા પ્રદીપ શેખાવત, રવિ વાઢેલ, નીતિન ચાંડપા આ વિતરણ દરમ્યાન હાજર રહ્યા હતા. શ્રી તુલ્જાભવી મંદિર તરફથી મંદિરના પૂજારી તથા અન્ય અગ્રણીઓ પણ આ સમયે પોતાની હાજરી આપી હતી. આ વોટર કુલર સિસ્ટમ શ્રી તુળજાભવાની માતાના મંદિરના શ્રદ્ધાળુઓ માટે પાણીની વ્યવસ્થા હેતુથી લગાવવામાં આવ્યો છે. ક્લબ મહિંદ્રા(**MHRIL**) મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ ઈન્ડિયા લિમિટેડ દવારા આવી ઘણી સોશ્યિલ એકટીવીટી કરવામાં આવે છે જેનો ફાયદો સામુહિક કેન્દ્રો તથા ધર્મ સ્થળો તથા લોકોને આપવામાં આવે છે.

# ખંભાળિયામાં કેનેડી બ્રિજ બંધ કરાતા વૈકલ્પિક રસ્તાના અભાવે લોકોને વ્યાપક હાલાકી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયાના પાદરમાં પોરબંદર માર્ગ ઉપર આવેલો રજવાડાના સમયનો કેનેડી બ્રિજ(ખામનાથ પુલ) છેલ્લા જર્જરિત બની ગયો હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી વાહન ચાલકો- રાહદારીઓ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આ પુલ બંધ કરાતા અને વૈકલ્પિક રસ્તો ન હોવાથી મોટી સંખ્યામાં વાહન ચાલકો તેમજ આ વિસ્તારના રહીશોને વ્યાપક હાલાકી થતી હોવા અંગે તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ખંભાળિયામાં ખામનાથ મંદિર પાસે આવેલો અને આશરે ૧૨૦ વર્ષ જૂનો કેનેડી બ્રિજ (ખામનાથ પુલ) ખૂબ જ જર્જરિત બની ગયો હોવાથી તંત્ર દ્વારા આ પુલને જોખમી ગણાવી અને અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આશરે છ એક માસ કરતા વધુ સમયથી આ પુલ લોકો માટે બંધ કરાવી દઈ, આ વિસ્તારમાં અવાર-જવર માટે વૈકલ્પિક રસ્તો જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં આવવા તથા જવા માટે કણજાર ચોકડી પાસેથી ભાણવડ પાટિયા થઈને રામનાથ મંદિર પાસેથી અવાર-જવર કરવી પડે છે. આ ફેરો વાહન ચાલકોને ૧૦ થી ૧૫ કિલોમીટરનો થઈ જતો હોવાથી લોકોને વ્યાપક મુશ્કેલી વેઠવી પડે છે. આટલું જ નહીં, અહીં રહેતા લોકોને પોતાના સંતાનોને સ્કૂલે તેમજ ટ્યુશને તેડવા- મુકવા જવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. મહદંશે બાળકોને તેના માતાઓ જ તેડવા-મુકવા જતા હોય, નાના વાહનોમાં અકસ્માતનો પણ ભય સતાવે છે. આ વચ્ચે મહત્વની બાબત તો એ છે કે ખામનાથ બ્રિજ વિસ્તારમાં આવેલા દુકાનદારોના ધંધા ભાંગી ગયા હોય, તેઓને પણ વ્યાપક નુકસાનીનો સામનો કરવો પડે છે. આ વિસ્તારમાં અવાર-જવર માટે રેલવે ફાટક તેમજ મોટા વાહનોની અવરજવર હોય, વિકટ પરિસ્થિતિમાં લોકોને રાહત થાય તે માટે કેનેડી બ્રિજ પાસે સિમેન્ટ કોંક્રેટનું કામ ચલાઉ ડાયવર્ઝન બનાવી આપવામાં આવે તે માટે આ વિસ્તારના રહીશો, દુકાનદારો દ્વારા સંયુક્ત સહીઓ સાથે જિલ્લા કલેકટરને લેખિત આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ મહત્વના પ્રશ્નનું તાકીદે નિરાકરણ લાવવા તંત્રને રજૂઆત કરાઈ છે.

# વરવાળા ટી.મી. સેનેટોરિયમ સંચાલિત શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલમાં જરૂરતમંદ ૭૦૧ દર્દીઓએ લાભ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૮

વરવાળા ટી.મી. સેનેટોરિયમ સંચાલિત શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ વરવાળા ગામમાં આયુર્વેદ સારવાર વિભાગ બે માસથી કાર્યરત થયેલ છે. આ બે માસ દરમ્યાન કુલ ૭૦૧ જરૂરતમંદ દર્દીઓએ લાભ લીધો છે. વરવાળા ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેમ કે મોજપ, શિવરાજપુર, વસઈ, મકનપુર, ભીમરાણા, મીઠાપુર, સુરજકરાડી, આરંભડા, ઓખા-બેટ, ભાટીયા, લાંબા, દ્વારકા વગેરે ગામના નવા-જુના તમામ પ્રકારના રોગોના દર્દીઓએ આ નિઃશુલ્ક ફ્રી આયુર્વેદ સારવારનો લાભ લીધો છે. પશ્ચિમામ્નાય દ્વારકા- શારદાપીઠધીશ્વર અનંત શ્રી વિભૂષિત જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાના માર્ગદર્શન કે નવા બ્રહ્મચારીશ્રી નારાયણાનંદજીનાં સહયોગથી આયુર્વેદ સારવાર વિભાગ વરવાળા ગામમાં સોમવારથી શુક્રવાર સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી (શનિ-રવિ બંધ) ખુલ્લો હોય છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય જામનગરના સેવાનિવૃત આયુર્વેદાચાર્ય વૈદ્ય ડી.પી. મહેતા જે-તે રોગ સંબંધીત જરૂરી સુચના-માર્ગદર્શન આપવાની સાથે નિદાન-સારવાર કરીને દરીદ્ર નારાયણરૂપી દર્દીને રોગમુક્ત કરવાના પ્રયત્ન કરે છે. પ્રિવેન્સન તથા અવેરનેસ અંતર્ગત ચોમાસામાં પાણીજન્ય રોગોથી બચવાના ઉપાયો અને "ગુજરાત સરકાર આયોજિત મેલેરિયામુક્ત સ્વસ્થ ગુજરાત અભિયાન" બાબતે ટ્રસ્ટ તરફથી જરૂરી પત્રિકાઓ પ્રસિધ્ધ કરાવીને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. આ બાબતે શજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અભિનંદન-શુભેચ્છાપત્ર પણ આવેલ છે. હાલમાં "સ્વચ્છતા હી સેવા" ઝુંબેશ બાબતે રસપ્રદ પત્રિકા તૈયાર કરીને વિતરણ કરવામાં આવે છે.

## વિસાવદરનાં કાલસારી હાઈસ્કુલમાં પીઆઈ રીંકેશ પટેલે વિદ્યાર્થીઓને કાયદા અંગે માર્ગદર્શન આપ્યું

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૮

વિસાવદર તાલુકાના કાલસારી ગામે સરદાર પટેલ વિદ્યામંદિર હાઈસ્કૂલમાં વિસાવદર તાલુકાના પી.આઈ. રીંકેશ પટેલે વાલી મિટિંગમાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાથે પારિવારિક રીતે આત્મીયતાથી બંધારણીય કાયદા અને ભારતનું ભવિષ્ય બાળકોને જીવનમાં આગળ કેમ વધવું તેનું જીણવટ ભર્યું માર્ગદર્શન આપ્યું હતું. તેમની સાથે મહિલા પોલીસ નયનાબેન બાબરીયા અને રિંકલબેન મારડિયાએ સ્કૂલની દિકરિયુંને પ્રોત્સાહિત કરી હતી.

# રેલવે મંત્રીએ લોકો નિરીક્ષકો સાથે વાત કરી : લોકો પાયલોટની સુવિધા અને સલામતી વધારવાના સૂચનો

દ્વારકા તા.૮

કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમની નાસિકની મુલાકાત દરમિયાન મુખ્ય લોકો નિરીક્ષકો સાથે સુરક્ષિત ટ્રેન સંચાલન, ટેક્નોલોજીનું અપગ્રેડેશન, લોકો પાઈલટ્સના વિશ્રામ, નિયમિત તાલીમ જેવા મુદ્દાઓ ઉપર વિગતવાર ચર્ચા કરી હતી અને લોકો નિરીક્ષકો સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. નાસિક ખાતે ઈન્ડિયન રેલ્વે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ(આઈઆરઈઈએન)માં તાલીમ લઈ રહેલા ચીફ લોકો ઈન્સ્પેક્ટરની સાથે રેલવે મંત્રીએ ભારતીય રેલ્વે ઉપર લોકોમોટિવ સંચાલનના આધુનિકીકરણ અને સલામતીનાં પગલાં વધારવા સંબંધિત વિવિધ મુખ્ય મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. રેલવે મંત્રી વૈષ્ણવે સામાન્ય રીતે તેમના તાલીમ અનુભવો અને ખાસ કરીને 'કવચ'ના ઉપયોગ વિશે સીએલઆઈ સાથે વાતચીત કરી. સીએલઆઈ એ આ વિષે તેમની આંતરદ્રષ્ટિ શેર કરી કે કેવી રીતે કવચ સિસ્ટમ ઝડપ જાળવી રાખવા અને ટ્રેનસંચાલન દરમ્યાન સલામતી અને સમયની પાબંદી બંનેમાં સુધારો કરવામાં



તેમનો આત્મવિશ્વાસ વધારે છે. ચર્ચાઓમાં આધુનિક બ્રેકિંગ સિસ્ટમ્સ, લોકોમોટિવ્સમાં નવી ટેક્નોલોજી અને અસરકારક ક્રૂ મેનેજમેન્ટ પ્રેક્ટિસ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ભોપાલ ડિવિઝનના સીએલઆઈ એસ કે રાઠીએ તેમનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે, "જેમ ઈન્ટરલોકિંગ સ્ટેશન માસ્ટર માટે, પીએસસી સ્લીપર ટ્રેક ટ્રેકમેનને મદદ કરે છે, તેવી જ રીતે કવચ ટેક્નોલોજી લોકો પાઈલોટ્સને સુરક્ષિત ટ્રેન કામગીરીમાં મદદ કરે છે." એ જ રીતે, એક સીએલઆઈ એ કહ્યું કે કવચ ટેક્નોલોજી માત્ર સુરક્ષિત ટ્રેન કામગીરી તરફ દોરી જતી નથી પણ તેને અને તેના પરિવારને તણાવમુક્ત પણ રાખે છે. કવચ એસપીએડી(સિગ્નલ પાસિંગ એટ ડેન્જર)ની ઘટનાઓને રોકવામાં મદદ કરે છે અને લેવલ ક્રોસિંગ ગેટ ઉપર સલામતી સુનિશ્ચિત કરે છે, એવો એક અનુભવ સીએલઆઈએ જણાવ્યો હતો. રેલવે મંત્રીએ ક્રૂ માટે કામ કરવાની સ્થિતિમાં સુધારો કરવાના રેલવેના પ્રયાસોની પ્રશંસા કરી હતી જેમાં ૧૦૦% એરકન્ડિશન્ડ રનિંગ રૂમ અને રનિંગ સ્ટાફ માટે બહેતર સુવિધાઓ સામેલ છે. તેમણે ડ્યુટી રોસ્ટરને વિભાજિત કરીને ફરજના કલાકો ઘટાડવાના અને લોકો કેબને એર કંડિશનિંગ, ટોઈલેટ અને એર્ગોનોમિક સીટોથી સજ્જ કરીને તેમની સલામતી વધારવા માટે ચાલી રહેલા પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. રેલવે મંત્રીએ સીએલઆઈ ને વિનંતી કરી કે તેઓ શરુ કરવામાં આવી રહેલી આધુનિક તકનીકોનો સંપૂર્ણ લાભ ઉઠાવે અને ભારતીય રેલવેના ઉચ્ચ ધોરણો જાળવવામાં સતત શીખવા, સમર્પણ અને પ્રતિબદ્ધતાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો.

# ભાટિયા ખાતે આવેલ RSPL વેલ્ફેર ફાઉન્ડેશન (ઘડી ડીટર્જન્ટ ગ્રુપ)ની LDA શાળાએ નવરાત્રીના પર્વની ઉજવણી કરી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૮

શાળાના ૧૮૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને **RSPL** કંપનીના મેનેજમેન્ટના અધિકારીઓએ નવરાત્રી મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રોત્સાહન કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. **'best costume'** અને **'best performer'** સહિતના અલગ અલગ કેટેગરીમાં એવોર્ડ જાહેર કરાયા હતા. **LDA(Laxmi Devi Dayal Das Academy)** શાળામાં બાળકોને શૈક્ષણિક જ્ઞાન આપવાની સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ કામગીરી થાય છે. શાળાએ આ પ્રસંગે જણાવ્યું કે નવરાત્રી મહોત્સવ અને અન્ય સંસ્કૃતિક ઉત્સવો અભ્યાસનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે બાળકોમાં પરંપરાઓ અને સામાજિક જાગૃકતાના ભાવને જીવંત રાખે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેમાં દયા નથી તેમાં કોઈ સદ્ગુણ નથી.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૫, તા.૮ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૪, જયેષ્ઠા નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૬, સૂ.અ.૬:૩૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), પરોઢે ૪:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ:નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન:જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

### રાજકોટના અગ્નિકાંડ બાદ એક્શનમાં આવેલ તંત્ર ફરી શાંત-સુષુપ્ત થયું કે કેમ ?

# શહેર મધ્યે ત્રણ માળની BU વિનાની બિલ્ડિંગમાં દોઢ વર્ષથી ૬૦૦ વિદ્યાર્થીઓથી ધમધમતી સ્કૂલ !

### ગેરકાયદે બાંધકામ બાબતે નોટિસ અગાઉ અપાઈ હતી, ફાયર એનઓસી સહિત કોઈ સર્ટિ. નથી

અમદાવાદ તા. ૮

રાજકોટ મનપાના તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ સાગઠિયા હાલ જેલમાં છે. ત્યારે રાજકોટ શહેરના મવડીમાં બાપા સીતારામ ચોક પાસે શેરી નં. ૧૬માં આવેલી જય કિશન સ્કૂલનું નવું બિલ્ડિંગ ગેરકાયદે ધમધમતું હોવાનું સામે આવ્યું છે. એમાં સ્કૂલ-સંચાલક મિલન વેકરિયા દ્વારા બિલ્ડિંગ યુઝ પરમિશન તેમજ કમ્પ્લિશન સર્ટિફિકેટ ઉપરાંત ફાયર એનઓસી મેળવવામાં આવ્યાં ન હતાં. આમ છતાં અહીં ૬૦૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરતા હોવાથી તેમના જીવ ઉપર જોખમ છે. સૂચિત જગ્યા ઉપર ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવ્યું હોવાનું સામે આવતાં જ સૌ પ્રથમ આ સ્કૂલમાં નળ કનેક્શન અને વીજ કનેક્શન કાપવામાં આવશે. આ ઉપરાંત ગેરકાયદે બિલ્ડિંગમાં ધમધમતું શિક્ષણકાર્ય બંધ કરાવવામાં આવશે. બાદમાં બિલ્ડિંગ ડિમોલિશન કરવામાં આવશે. જય કિશન સ્કૂલને વર્ષ ૨૩ મે, ૨૦૨૩માં ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાએ ગેરકાયદે બાંધકામ ૨૬૦ (૨) મુજબ તોડી પાડવા માટે નોટિસ આપી હતી અને ત્યારબાદ સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ અપાયો હતો. જોકે બાદમાં છેલ્લા દોઢ વર્ષથી કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે જ્યારે મીડિયાની ટીમ સ્કૂલ ઉપર પહોંચી તો સ્કૂલ સંચાલકો દ્વારા એવો રૂઆબ કરવામાં આવ્યો કે મવડી પ્લોટ સૂચિતમાં છે અને એમાં ઘણી બધી સોસાયટીઓ ગેરકાયદે રીતે ધમધમી રહી છે, એટલે કે પોતાનું ગેરકાયદે બાંધકામ હોવા છતાં પોતે જાણે રાજકીય ઓથ ધરાવતા હોય એમ શેખી મારી હતી. રાજકોટ મહાનગર પાલિકાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર આ અંગે જણાવ્યું હતું કે મવડીમાં આવેલી જય કિશન સ્કૂલનું નવું બિલ્ડિંગ ગેરકાયદે રીતે ધમધમી રહ્યું છે, જે અમારા ધ્યાને આવ્યું છે. એમાં મહાનગરપાલિકાની બિલ્ડિંગ યુઝ પરમિશન લેવામાં આવી નથી અને સર્ટિફિકેટ પણ લીધું નથી, એટલે કે પ્લાન પાસ કરાવેલો નથી. આ વાત ધ્યાનમાં આવતાં અમને ખ્યાલ આવ્યો કે વર્ષ ૨૦૨૩માં ગેરકાયદે બાંધકામ બાબતે આ સ્કૂલને નોટિસ આપવામાં આવી હતી, દરમ્યાન હવે સૌપ્રથમ અહીંનું નળ કનેક્શન અને વીજ કનેક્શન કાપવા તેમજ શિક્ષણકાર્ય બંધ કરવા માટે પણ પત્ર લખવામાં આવશે. બાદમાં એ મકાનનું ડિમોલિશન કરવામાં આવશે. રાજકોટના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીએ આ મુદ્દે જણાવ્યું હતું કે જય કિશન સ્કૂલના નવા બિલ્ડિંગમાં ગેરકાયદે બાંધકામ હોવા છતાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ બાબત મીડિયાના માધ્યમથી મને જાણવા મળી છે. પ્રાથમિક તબક્કે એવો ખ્યાલ આવ્યો છે કે આ બિલ્ડિંગ જે.કે. એકેડેમીના નામે ચાલે છે. જોકે શિક્ષણ વિભાગની ટીમને સ્થળ તપાસ માટે મોકલવામાં આવી છે, એનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સી.કે. નંદાણીએ જણાવ્યું હતું કે, મવડીમાં આવેલી જય કિશન સ્કૂલ બાંધકામની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે કાર્યરત છે. ૨૬૦/૨ મૂજબ બાંધકામને તોડી પાડવા માટે ગત તા.૨૩ મે ૨૦૨૩ના નોટિસ આપવામાં આવી હતી. જોકે, અહીં બાંધકામ હજુ સુધી દૂર ન થતા હવે ફરી વખત નોટિસ આપવામાં આવશે. આ બિલ્ડિંગની બિલ્ડિંગ યુઝ પરમિશન મેળવવામાં આવી નથી. જોકે શહેરના એકલા વેસ્ટ ઝોનમાં જ ૨૬૦/૨ મૂજબ બાંધકામ તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી હોય તેવી ૫૦ બિલ્ડિંગ હોવાનો ઘટસ્ફોટ થયો છે.

### યા દેવી સર્વ ભુતેષુ શક્તિ રૂપેન સસ્થીતા નમસ્તષ્યે નમસ્તષ્યે નમો નમઃ

# વિસાવદરમાં રામજી મંદિર ગરબી મંડળમાં આજે પણ પ્રાચીન અને અર્વાચીન ગરબાની રમઝટ



### કુમકુમના પગલાં પાડ્યા.. માડીના હેત જર્યા.. જોવા લોક ટોળે વળ્યાં રે... માડી તારા આવવાના એધાણા થયા.. રાસ ગરબાની રમઝટ સાથે અનેરો ઉત્સવ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૮

વિસાવદર શહેરની સૌથી જૂની અને જાણીતી ગરબી એટલે ગામની જૂની રામજી મંદિરની ગરબી હાલ નવરૂપ રંગ સાથે નવા નામથી રામજી મંદિર ગરબી નોરતાના પંદર દિવસ અગાવથી આ ગરબીના સંચાલકો દ્વારા તૈયારી કરવામાં આવે છે અને સૌથી જૂની ગરબી હોય તેથી આ ગરબી જોવા માટે આજની તારીખે પણ ગ્રામ્ય વિસ્તારના લોકો રાત્રીના ઘર પરિવાર સાથે આ ગરબી જોવા આવે છે. આ ગરીબીમાં વર્ષોથી સંચાલકો કાલ ક્રમે બદલતા રહે છે અને નવા નવા કાર્યકરો માતાજીના આ સેવા કાર્યોમાં જોડાતા રહે છે. અહીં આજની તારીખે પણ અતિ પ્રાચીન અને અર્વાચીન ગરબાની ઉપર બહેનો સુંદર મજાના સંગીતના તાલે ગરબા લ્યે છે. આ ગરબીની ખાસ વિશેષતા એ છે કે ખૂબ જ નાની નાની કુવારીકાઓ જેને અન્ય કોઈપણ ગરબી મંડળમાં રાખવામાં ન આવે તેવી તમામ દીકરીઓના ઉત્સાહ ઉમંગ જોઈ આ ગરબીમાં રાખવામાં આવે છે. આ ગરબીમાં અતિ નાની બાળાઓ કાળી ઘેલી ભાષામાં માતાજીના ગરબા લેતી સાક્ષાત જગદંબા સમાન દીકરીઓ જાણે કે માતાજીના બાળ સ્વરૂપ હોય તે રીતે ગરબા લ્યે છે અને આ બાળાઓનો રાસ જોવા લોકો ઉમટી પડે છે. આ ગરબી વર્ષોથી અહીં થાય છે વિસાવદરમાં અનેક ગરબીઓ બંધ થાય છે અને ફરી નવા સંચાલકો આવતા ફરી ચાલુ કરાય છે ત્યારે વિસાવદરમાં રામજી મંદિર ચોક તરીકે ઓળખાતા રોડ ઉપર ગામ વસ્યું ત્યારથી ત્યાં રોડ ઉપર આ ગરબી થાય છે. આ ગરબીમાં દાતાઓ તરફથી આપવામાં આવતી લાણી દરરોજ બાળાઓને આપવામાં આવે છે ઉપરાંત ગરબીમાં નાત જાતના ભેદભાવ વગર દરેક જ્ઞાતીની દીકરીને રાખવામાં આવે છે પછી તે ગમે તે વિસ્તારની હોય હાલ પણ આ ગરબીમાં વિસાવદરની આ ગરબીમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને કોઈપણ પ્રકારનું ઈનામ આપવું હોય તો સંચાલકો પાસે નોંધાવી શકે છે.

### છોટાઉદેપુરમાં મહિલાને રસ્તામાં પ્રસૂતિ થઈ, મોતના બનાવનો પડઘો હાઈકોર્ટમાં પડ્યો

# અમારૂં માથું શરમથી ઝૂકી ગયું છે, ગાંધીજી અને શાસ્ત્રીજીના જન્મદિવસે જ આવા અહેવાલ મળ્યા : ગુજરાત હાઈકોર્ટે કરી સુઓમોટો કાર્યવાહી




અમદાવાદ, તા.૮

રાજ્યમાં આદિવાસી બહુમતી ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના તુરખેડા ગામે એક મહિલાને પ્રસવ પીડા ઊપડતાં તેને કાપડ ઝોળીમાં નાખીને પરિવારના લોકો ચાલતા પાંચ કિ.મી. દૂર લઈ જતા હતા, જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવવાની હતી. પરંતુ રસ્તામાં જ પ્રસૂતિ થઈને મોત થઈ ગયાની ઘટનાના પડઘા ગુજરાત હાઈકોર્ટમાં પડ્યા હતા. હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ અને જસ્ટિસ નિશા ઠાકોરની ખંડપીઠ બાબતે આ બાબતે અખબારી અહેવાલો ધ્યાન ઉપર લઈને સુઓમોટો અરજી દાખલ કરવામાં આવી છે. કેસની શરૂઆત કરતા પહેલાં જસ્ટિસ બિરેન વૈષ્ણવે આક્રોશ સાથે કોર્ટમાં કહ્યું હતું કે, તેમનું માથું આ સમાચાર વાંચીને શરમથી ઝૂકી ગયું છે. મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીના જન્મદિને અહેવાલ આવ્યો હતો કે, જિલ્લા છોટાઉદેપુરના તુરખેડા ગામે એક મહિલાને પ્રસવ પીડા ઊપડતાં તેને ઝોળીમાં નાખીને પરિવારના લોકો ચાલતા પાંચ કિ.મી. દૂર લઈ જતા હતા, જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવવાની હતી. ત્યાંથી ૧૦૮ મહિલાને પ્રાથમિક સારવાર કેન્દ્ર ખાતે લઈ જવાની હતી, જે ૨૫ કિ.મી. દૂર કેટલાક વર્ષોથી ગામડાના લોકો સરકાર પાસે રોડની માંગ કરી રહ્યા હતા, ટેન્ડર નીકળે પાંચ વર્ષ થયા પણ કશું જ થયું નથી હતું, પરંતુ રસ્તામાં જ મહિલાને પ્રસૂતિ થઈ ગઈ, તેણે દીકરીને જન્મ આપ્યો અને મૃત્યુ પામી. આ તેની છેલ્લી યાત્રા બની રહી છે. હાઈકોર્ટે રજિસ્ટ્રાર જ્યુડિશિયલને આ બાબતને સુઓમોટો પિટિશન તરીકે લેવા આદેશ આપ્યો હતો. ગુજરાતના ચીફ સેક્રેટરી આ બાબતે હાઈકોર્ટને ૧૭ ઓક્ટોબરે જવાબ આપે. કયા સંજોગોમાં આ દુઃખદ ઘટના બની એનો રિપોર્ટ ચીફ સેક્રેટરી ચીફ જસ્ટિસની કોર્ટમાં મૂકશે. કોર્ટના આ હુકમની કોપી એડવોકેટ જનરલને પણ મોકલી આપવામાં આવે, સાથે જ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરિટીના મેમ્બર સેક્રેટરી દ્વારા ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીનો સંપર્ક સાધીને આ ઘટનામાં પીડિત પરિવારની મુલાકાત લઈને તેમની તકલીફ જાણવામાં આવશે. ઉપરાંત ગામડામાં વસતા અન્ય લોકોની પણ તકલીફો જાણવામાં આવશે. એ પણ જોવામાં આવશે કે ગામડામાં કેવી સુવિધાઓ છે. હાઈકોર્ટે પોતાના આદેશમાં લખ્યું હતું કે, કેટલાક વર્ષોથી ગામડાના લોકો સરકાર પાસે રોડની માંગ કરી રહ્યા હતા. ટેન્ડર નીકળે પાંચ વર્ષ થઈ ચૂક્યા છે પણ કશું જ થયું નથી. આ ગામડામાં પ્રાથમિક સારવાર કેન્દ્ર અને રોડ જેવી પાયાની મૂળભૂત સુવિધાઓ નથી. આ ગામડામાં ત્રીજો બનાવ બન્યો છે. આ ગામ નર્મદાના કિનારે આવેલું છે. નર્મદામાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી આવેલું છે અને આપણે વિકસિત ગુજરાતમાં સમાનતાની વાત કરીએ છીએ. કોર્ટે વધુમાં કહ્યું હતું કે, આપણે રાજ્યના વિકાસની વાતો કરીએ છીએ પણ સરકાર આવી જગ્યાએ રોડ બનાવી શકતી નથી. આપણે જમ્મુ-કાશ્મીરમાં ટનલો બનાવીએ છીએ અને આવા ગામડાને પાંચ વર્ષથી રોડ નથી આપી શકતા. જસ્ટિસ વૈષ્ણવે પોતાનો અનુભવ વર્ણવ્યો હતો કે, રાજપીપળાની મુલાકાત વખતે લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેન તરીકે ત્યાં જવું કેટલું અઘરૂં હતું એ તેમને જ ખબર છે. ત્યાંથી બે કિલોમીટર આગળ જાઓ એટલે પહોળા રોડ મળતા કારણ કે, તે સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા હતા. ત્યાં ગામડામાં એસ.ટી. બસો નહોતી આવતી, જ્યાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ફક્ત ૧૫ કિલોમીટર દૂર હતું. આ બાબત કોર્ટને ખૂબ દુઃખી કરનારી છે પણ કોર્ટ કશું કરી શકતી નથી. જેની પત્ની મૃત્યુ પામી છે તે બાળકોના પિતા વિશે વિચારો, બાળકી પણ હવે ક્રિટિકલ છે.

## હૃદયની સારવાર બાદ રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ

ચેન્નાઈ, તા.૮

સુપરસ્ટાર રજનીકાંતને તાજેતરમાં સ્વાસ્થ્ય સમસ્યાને લઈને ચેન્નાઈ ખાતેની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતા કરવા લાગ્યા હતા. જો કે હવે તેમના ચાહકો માટે સારા સમાચાર એ છે કે રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. પેટમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને ચેન્નાઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તપાસ કરતા તેમણે હૃદય સાથે જોડાયેલી નાની સમસ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમની સારવાર કોઈપણ સર્જરી વિના કરવામાં આવી હતી. રજનીકાંતના સ્વાસ્થ્ય અંગે એપોલો હોસ્પિટલે એક મેડિકલ બુલેટિન બહાર પાડ્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે, ' રજનીકાંતને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હૃદય તરફ જતી લોહીની રક્તવાહિનીમાં સોજો હતો. જેની સારવાર ટ્રાન્સકેથેટર દ્વારા કોઈપણ સર્જરી વગર કરવામાં આવી હતી. આયોટામાં સ્ટેન્ટ મૂકીને સોજો સંપૂર્ણપણે બંધ કરી કરી દીધો છે. અમે તેમના શુભચિંતકો અને ચાહકોને જણાવવા માંગીએ છીએ કે પ્રક્રિયા યોજના મુજબ થઈ હતી. રજનીકાંત હવે સ્થિર અને સ્વસ્થ છે. તેઓ બે દિવસમાં ઘરે પહોંચી જશે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ફોન કરીને રજનીકાંતની તબિયત અંગે અપડેટ લીધી હતી. તમિલનાડુ ભાજપના નેતા કે. અન્નામલાઈએ પીએમ મોદી સાથે રજનીકાંત અને તેમની પત્ની લતાનો જૂનો ફોટો સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ આપણા સુપરસ્ટાર શ્રી રજનીકાંતજીના સ્વાસ્થ્ય અંગે શ્રીમતી લતા રજનીકાંત સાથે ટેલિફોન ઉપર વાત કરી હતી. અને તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૨૧ ટાપુઓ ઉપર પૂર્વ મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં કુલ ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે.

આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે જેમાં જિલ્લામાં જુદા જુદા સ્થળોએ આવેલા ૨૧ ટાપુઓ ઉપર જે-તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારીની લેખિત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તીર્થસ્થળ હર્ષદ ખાતે ‘નવરાત્રી શક્તિ પર્વ૨૦૨૪’ ભવ્યતાથી ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ હર્ષદ(ગાંધવી) ખાતે નવરાત્રી શક્તિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા પ્રેરીત અને કમિશ્નર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા આયોજીત તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સંચાલિત આ શક્તિ પર્વમાં વિખ્યાત કલાકારો દ્વારા ગરબા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં, જેના તાલે ભાવિકો ગરબે ઝુમ્યાં હતાં. દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં કલાણપુર તાલુકાના ઐતિહસિક અને પૌરાણિક મહત્વ ધરાવતાં હરસિદ્ધિ માતાજી મંદિરનાં સંનિધ્યમાં ગાંધવી ગામે આસો સુદ બીજ અને શુક્રવારના દિવસે યોજાયેલ આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ન્યાયાલયના પ્રિંન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ એસ.વી.વ્યાસ, પોરબંદર જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણી, દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર ભુપેશ જોટાણિયા, પ્રાંત અધિકારી, ડી.વાય.એસ.પી. અને અધિકારીઓ ઉપરાંત જિલ્લા પંચાયતના હોદેદારો, અગ્રણીઓ, સ્થાનિક મહાનુભાવોએ માતાજીની ભક્તિમય આરતી દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી હતી ત્યારબાદ મંદિરના મુખ્ય પુજારી સહિતના મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રસિદ્ધ કલાકારો ફરીદાબેન મીર અને સરસ્વતીબેન હિરપરા અને સંગીતવૃંદ દ્વારા ગરબા રજુ કરવામાં આવ્યાં હતાં, જેના તાલે ગામની બાલિકાઓ, મહિલાઓ અને ગ્રામજનો ગરબે ઝુમ્યા હતાં.

# ભારતીય અર્થતંત્ર પરિવર્તનના તબક્કામાંથી પસાર થાય છે, ૭ ટકાના દરે વિકાસ થવાની આશા : પીએમ મોદી



નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અવનારા વર્ષોમાં ભારતીય અર્થતંત્ર ૭ ટકાના અંદાજીત વિકાસ દરથી પણ વધુ સારો દેખાવ કરશે. ભારતીય અર્થતાંત્રના તમામ પાયાના વિભાગો મજબૂત છે એટલે દેશ એકધારા ઉંચા વિકાસ દર સાથે આગળ વધી રહ્યો છે. કૌટિલ્ય આર્થિક પરીસંવાદની ત્રીજી આવૃત્તિમાં સંબોધન કરતા વડાપ્રધાને કહ્યું કે, અપણું અર્થતંત્ર ૭ ટકાથી પણ વધુ વિકાસ દર સાથે આગળ વધી રહ્યું છે. દરેકની ધારણા કરતા વધુ સારો દેખાવો અર્થતાંત્ર કરી રહ્યું છે. ભારતીય અર્થતાંત્ર અત્યારે મોટા પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. અર્થતંત્રના પાયા મજબૂત છે એટલે ભારત ટોચ ઉપર પહોંચવા અને ટોચનું સ્થળ જાળવી રાખવાની દિશામાં જઈ રહ્યું છે. આપણા GDP અનુસાર ભારત વિશ્વનું પાંચમાં ક્રમનું સૌથી મોટું અર્થતાંત્ર છે એટલું જ નહીં વિશ્વનું સૌથી ઝડપથી વિકાસ પામતું અર્થતાંત્ર છે. ડેટા ઉપયોગમાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ઈન્ટરનેટના ઉપયોગમાં વિશ્વમાં બીજા સ્થાને છે. વિશ્વની રિન્યુએબલ એનર્જીની ચોથા ક્રમની સત્તા ભારત છે જ્યારે મોબાઈલ ઉત્પાદનમાં બીજા સ્થાને છે. જ્યારે ટુ-વ્હીલર અને ટ્રેક્ટર ઉત્પાદનમાં આપણે વિશ્વમાં પ્રથમ સ્થાને છીએ. મોદી કહે છે કે, હવે અમારી સરકારે રોજગારી નિર્માણ અને કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. કેમ કે ભારત વિશ્વનું સૌથી યુવાન દેશ છે. એટલે યુવાનોના કૌશલ્યમાં વધારો કરીને વધુ નોકરીની તકો ઉભી કરવાનું લક્ષ્ય છે. છેલ્લા પાંચ વર્ષમાં ટોચની ૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ રૂા.૧.૨૫ લાખ કરોડનું મૂડી રોકાણ મળ્યું છે.

# આગામી પાંચ વર્ષમાં ભારતની માથાદીઠ આવકમાં ૨૦૦૦ અમેરિકન ડોલરનો વધારો થશે : નાણામંત્રી

નવી દિલ્હી તા.૮

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ભારતને આઝાદીના ૭૫ વર્ષ બાદ માથાદીઠ આવક ૨૭૩૦ ડોલર હાંસલ કરવામાં લાગી હતી. પરંતુ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ મુજબ આગામી ૫ વર્ષમાં માથાદીઠ આવકમાં ૨૦૦૦નો વધારો થઈ જશે. તેમણે કહ્યું કે, આવનારા દાયકાઓમાં સામાન્ય માણસની જીવનશૈલીમાં મોટો બદલાવ આવશે જે ભારતીયોના જીવનને ફરીથી પરિભાષિત કરશે. નાણામંત્રીએ કહ્યું, અસમાનતામાં ઘટાડો કરીને આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. કૌટિલ્ય ઈકોનોમિક કોન્કલેવને સંબોધતા નાણામંત્રી સીતારમણે કહ્યું, છેલ્લા દાયકામાં આર્થિક મોરચે ભારતનું ઉત્તામ પ્રદર્શન, ૫ વર્ષમાં વિશ્વની ૧૦મી સૌથી મોટી અર્થ વ્યવસ્થા, સતત ઉચ્ચ વૃદ્ધિ દર અને નીચો ફુગાવો આ શક્ય બન્યું છે રાખવાને કારણે. નાણામંત્રીએ કહ્યું કે ભારતને ૨૭૩૦ ડોલરની માથાદીઠ આવક હાંસલ કરવામાં ૭૫ વર્ષ લાગ્યા છે, પરંતુ આગામી ૫ વર્ષમાં તેમાં ૨૦૦૦ ડોલર વધુ ઉમેરી શકાય છે. નાણામંત્રીએ કહ્યું કે, જ્યારે આખું વિશ્વ વિભાજિત છે અને સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે, જે વૈશ્વિક શાંતિ માટે એક મોટો ખતરો છે, તેમ છતાં ભારતની ૧૪૦ કરોડની મોટી વસ્તીને કારણે માથાદીઠ આવક, જે કુલ ૧૮ ટકા છે. વિશ્વની વસ્તી આગામી થોડા વર્ષોમાં બમણી થવા માંગે છે. નાણામંત્રીએ કહ્યું કે, ૨૦૦૦ના દાયકામાં, વૈશ્વિક વેપાર અને રોકાણનું વાતાવરણ તેમના તરફેણમાં હોવાને કારણે ચીન જેવા ઉભરતા બજારો સરળતાથી ઝડપથી વિકાસ કરી શક્યા હતા. પરંતુ જ્યારે ભારત માટે આ એક મોટો પડકાર છે, ત્યારે તે એક તક પણ લઈને આવે છે. તેમણે કહ્યું, વૈશ્વિક સ્થિતિ પહેલા જેવી નથી, તેમ છતાં ભારત આગામી દાયકામાં ઝડપથી વિકાસ કરવાનું ચાલુ રાખશે. નિર્મલા સીતારમણે કહ્યું કે, આગામી દાયકામાં ભારતમાં વપરાશમાં જોરદાર વધારો થશે. હાલમાં, ૪૩ ટકા ભારતીયો ૨૪ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેઓએ તેમના વપરાશની રીતો શોધવાની બાકી છે.

# આજે ૮ ઓક્ટોબર 'ભારતીય વાયુસેના દિવસ'




ભારતીય વાયુસેના દિવસ ૮ ઓક્ટોબર, ૧૯૩૨ ના રોજ ભારતીય વાયુસેનાની સત્તાવાર સ્થાપનાને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસની સત્તાવાર ઉજવણી તે જ દિવસે શરૂ થઈ હતી.દર ૮ ઓક્ટોબરે, ભારતીય વાયુસેના દિવસને ભારતીય વાયુસેનાને શ્રદ્ધાંજલિ આપવા અને આ ક્ષેત્રમાં દેશે જે શ્રેષ્ઠતા રજૂ કરી છે તેને સ્વીકારવા માટે ઉજવવામાં આવે છે. ૮ ઓક્ટોબર, ૧૯૩૨ ના રોજ સ્થપાયેલ, આ દળ ઘણા સીમાચિહ્ન મિશનનો એક ભાગ છે જેણે રાષ્ટ્રની સફળતા તરફ દોરી છે.દર વર્ષે, હિંડોન બેઝ ઉપર IAF ચીફ અને ત્રણેય સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં એરફોર્સ ડે ઉજવવામાં આવે છે. આ ઉજવણીઓમાં એર ડિસ્પ્લેનો સમાવેશ થાય છે જ્યાં સૌથી નિર્ણાયક અને વિન્ટેજ એરક્રાફ્ટ એક ભવ્ય શો રજૂ કરે છે.આ દિવસ બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા પહેલીવાર ઓક્ટોબર ૧૯૩૨માં રજૂ કરવામાં આવ્યો હતો અને વર્ષ ૧૯૩૩માં અમલમાં આવ્યો હતો. આ વર્ષે, સિંગલ-એન્જિન મિગ-૨૧ સહિત લગભગ ૮૦ વિમાનો ચંદીગઢના સુખના તળાવ ખાતે ભવ્ય પ્રદર્શન કરેલ.IAF વિશ્વની ચોથી સૌથી મોટી ઓપરેશનલ એર ફોર્સ તરીકે સ્થાન ધરાવે છે. ભારતીય વાયુસેનાનું સૂત્ર છે 'ટચ ધ સ્કાય વિથ ગ્લોરી' અને તે ભગવદ ગીતાના અગિયારમા અધ્યાયમાંથી લેવામાં આવ્યું છે. વાયુસેના લગભગ ૧૭૦,૦૦૦ કર્મચારીઓ અને ૧,૪૦૦ થી વધુ વિમાનોને રોજગારી આપે છે. આઝાદી પછી, વાયુસેનાએ પાકિસ્તાન સાથેના ચાર યુદ્ધમાં ભાગ લીધો અને એક પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના સાથે. IAF સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા મિશન સાથે કામ કરે છે. IAF એ ૧૯૯૮ માં ગુજરાત ચક્રવાત, ૨૦૦૪માં સુનામી અને ઉત્તર ભારતમાં પૂર જેવી કુદરતી આફતો દરમ્યાન રાહત કામગીરીમાં ભાગ લીધો હતો. IAF શ્રીલંકામાં ઓપરેશન રેઈન્બો જેવા રાહત મિશનનો પણ ભાગ રહી છે. એર માર્શલ સુબ્રતો મુખર્જી OBE જેમણે એરફોર્સ ડેની શરૂઆત કરી હતી. ૧લી એપ્રિલ ૧૯૫૪ના રોજ એર માર્શલ સુબ્રતો મુખર્જીએ, એરફોર્સના સ્થાપક સભ્યોમાંના એક, પ્રથમ ભારતીય વાયુસેનાના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ભારતીય વાયુસેના પાંચ ઓપરેશનલ અને બે ફંક્શનલ કમાન્ડમાં વિભાજિત છે. દરેક કમાન્ડનું નેતૃત્વ એર માર્શલના રેંક સાથે એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ દ્વારા કરવામાં આવે છે. ૮ ઓક્ટોબરના રોજ સવારે ભારતીય વાયુસેના સ્ટેશન ઉપર પરેડ યોજાશે, સુખના તળાવ ખાતે ફ્લાયપાસ્ટ રાષ્ટ્રપતિની અધ્યક્ષતામાં કરવામાં આવશે, રાજનાથ સિંહ પણ હાજર રહેશે, કર્મચારીઓ માટે નવા કોમ્બેટ યુનિફોર્મનું અનાવરણ કરવામાં આવશે.

- પ્રો. પીકીબેન એસ. શર્મા

# અદાણી ગ્રૂપના પ્રોજેક્ટસને રોકવામાં વિદેશી કાવતરાનો પર્દાફાશ

## આવકવેરાના દરોડામાં NGOsને વિદેશી ભંડોળ મળ્યાનો ખુલાસો

અમદાવાદ, તા.૮

આવકવેરા વિભાગે વિદેશી ભંડોળથી ચાલતા પાંચ એવા NGOs નો પર્દાફાશ કર્યો છે જે દેશમાં વિકાસ કાર્યોમાં અવરોધો ઉભી કરી રહ્યા હતા. દેશના વિકાસને નવી ગતિ આપી રહેલા અદાણી ગ્રૂપ સહિતની જાણીતી કંપનીઓના પ્રોજેક્ટસમાંઅવરોધ ઉભા કરવા એ જ તેમનું લક્ષ્ય હતું. આવકવેરા વિભાગે ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ૫ દ્રર્જપર દરોડા પાડ્યા હતા. જેમાં ઓક્સફામ, CPR, Envionics Trust, LIFE અને CISSDનો સમાવેશ થાય છે.

આવકવેરા વિભાગે મોટો ખુલાસો કરતા જણાવ્યું હતુંકે, છેલ્લા ૫ વર્ષમાં ચાર દ્રર્જને મળેલુ ૭૫ ટકા ભંડોળ વિદેશમાંથી આવ્યું હતું. તે NGOs દ્વારા મોટી કંપનીઓના પ્રોજેક્ટ્સ સામે ઝુંબેશ ચલાવવામાં આવી રહી હતી. Oxfam India એ Oxfam Australiaને અદાણી ગ્રુપનું કામ રોકવામાં મદદ કરી હતી.ચોંકાવનારી બાબત તો એ પણ છે કે, અદાણી પોર્ટ્સને ડીલિસ્ટ કરવામાં પણ ઓક્સફેમ ઈન્ડિયાનો સીધો રસ લીધો હોવાનું બહાર આવ્યું છે.

ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત સમાચાર અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૨માં ઈક્મટેક્સ વિભાગના દરોડા બાદ આ સમગ્ર પ્રકરણના પડદા ખુલવા લાગ્યા હતા. આઈટી વિભાગે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી તો ચોંકાવનારી બાબતો સામે આવી. જો કે એ તમામ દ્રર્ય એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા હતા તે હજુ બહાર આવ્યું નથી, પરંતુ આઈટી વિભાગના જણાવ્યા અનુસાર, એક NGOના ડાયરેક્ટર અન્ય NGOના શેરહોલ્ડર હોવાનોખુલાસો થયો છે.

આ સમગ્ર પ્રકરણ અંગે વાતચીત કરતા જાણીતારાજકીય વિશ્લેષક તહસીન પૂનાવાલાએતેને આર્થિક આતંકવાદ ગણાવ્યો હતો.એટલું જ નહીં,તેમણે આવા દ્રર્ય સામે કડક કાર્યવાહી કરવાની હાંકલ પણ કરી હતી.તેમણે કહ્યું હતું કે આ ખૂબ જ ચિંતાનો વિષય છે. અદાણી ગ્રુપ અને તેના જેવી દેશની અન્ય પ્રખ્યાત કંપનીઓને નિશાન બનાવવા દ્રર્યએ વિદેશી ભંડોળનો ઉપયોગ કર્યો તે ખૂબ જ આશ્ચર્યજનક બાબત છે. પૂનાવાલાએ જણાવ્યું હતું કે અદાણી ગ્રુપનું ભારત દેશમાટેનું એક વિઝન છે. વિદેશી ભંડોળથી ચાલતી NGO આપણા દેશની કોઈપણ કંપનીને અસ્થિર કરવાનો પ્રયાસ કરે તે શું કામ સહન કરવું જોઈએ?''.

NGOનું કામ સમાજના કલ્યાણ માટે કામ કરવાનું હોય છે, પરંતુ વિદેશમાંથી મળેલી જંગી રકમથી તેઓ મોટી કંપનીઓના પ્રોજેક્ટ રોકવામાં વ્યસ્ત હતા.

# જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં પોપટ પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૮

માંગરોળમાં તા.૫-૧૦-૨૦૨૪ને શનિવાર, આસો સુદ ત્રીજના રોજ સ્વ. રતિલાલભાઈ જીવરાજભાઈ પોપટ (ઉ.વ.૭૦) રહે.ધોબીવાડા પટેલશેરી, માંગરોળનું દુઃખદ અવસાન થયેલ છે. જેઓ વિજયભાઈ રતિલાલ પોપટના પિતાશ્રી થાય છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ. રતિલાલભાઈના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી તેમના પુત્ર વિજયભાઈ પોપટે શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા, લોએજ ગામના રાજેશભાઈ સોલંકીએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક વેરાવળ, જિ. ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. ચક્ષુદાન સમયે પંકજભાઈ રાજપરાએ જરૂરી મદદ અને વ્યવસ્થા કરી આપી હતી. આ ચક્ષુદાનનો સ્વિકાર સચિનભાઈ જોટવા દ્વારા કરવામાં આવ્યો હતો. આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. પોપટ પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.રતિલાલભાઈને



શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તારમાં કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલાની તપાસ કરીને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકોને કોર્નિયાથી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે. આવી વ્યક્તિની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરીથી અપાવી શકીએ છીએ.

# ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામ ખાતે ભવાની ગરબી મંડળ દ્વારા તારા પ્રાચીન ગરબાનું આયોજન કરવામાં આવે છે



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા. ૮

માં આધ્યશક્તિની આરાધનાનાં મહાપર્વ નવલી નવરાત્રિનો પ્રારંભથી જ ભક્તોમાં શ્રધ્ધા જોવા મળે ત્યારે નવરાત્રિનાના દિવસોમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામે માં આધ્યશક્તિની દિવ્ય શણગાર સાથે પુજન-અર્ચન સહિતનાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે નવરાત્રી ઉત્સવ એટલે નવ રાતોનો મહોત્સવ, નવરાત્રી એટલે ગુજરાતની અસ્મિતા, ઓળખાણ. આ ઉત્સવ દરમ્યાન સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામ ખાતે પણ શેરીઓમાં-પોળોમાં ગરબે ઘુમવા ઉમટી પડે છે. આ પાનવ પર્વ ઉપર મોટો-મોટો શહેરોથી માડીનીને નાના ગામડા પણ માં આધ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવલી નવરાત્રિનો લોકોમાં માતાજીના ગરબે રમવાનો અનેરો ઉચ્ચાહ જોવા મળે છે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી સદા કાળગુજરાત કવિ અરદેશરની આ કાવ્ય પંક્તિ ને અનુરૂપ ફક્ત ગુજરાતમાંજ નહીં, પરંતુ જ્યાં જ્યાં ગુજરાતીઓ વસેલા છે, ત્યાં ત્યાં તેમણે આ ઉત્સવની મહેક પહોંચાડી દીધી છે. આ ઉત્સવ માટે ગુજરાતીઓ જ નહિં, પરંતુ તેમની સાથે વસતાં અન્ય પ્રદેશવાસીયો પણ રાહ જુએ છે. આ દ્રશ્ય છે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામના ત્યાં આજે પણ ભવાની ગરબી મંડળ દ્વારા આયોજિત પ્રાચીન ગરબાનું રમઝટ જોવા મળે છે અને વર્ષોની પરંપરા મુજબ પ્રાચીન રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેમાં બાળાઓ જગદંબાના વિવિધ પ્રકારના સ્વરૂપમાં અને બાળકો કાઠીયાવાડી પહેરવેશમાં રાસ-ગરબા રમે છે અને ભારતની સનાતન સંસ્કૃતિ ટકાવી રાખવાનો એક વિનમ્ર પ્રયાસ થાય છે. સમસ્ત પ્રશ્નાવડા ગામના યુવાનો ખભે ખભા મિલાવી નવ દિવસ વાતાવરણને ભક્તિમય બનાવે છે અને જે વર્ષો પહેલા ચાલી આવતી પરંપરા યુવાનો દ્વારા જૂની ઢબની ગરબી રમી અને માંના નોરતા ઉજવાય છે. ભવાની ગરબી મંડળ પ્રશ્નાવડા ગામ ખાતે માંના નવ નોરતામાં માનાગરબા, ગરબા, કાન ગોપીનો રાસ, ગરબા રાસ, ડાકલા રાસ, ડીપણી રાસ આવા ઘણા બધા જુનવાણી પદ્ધતિથી રાસ ગરબાનું આયોજન થાય છે. આ રાસ ગરબા જોવા માટે આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પણ જોવા આવે છે. આજે પણ આ પ્રશ્નાવડા ગામમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા અંક બંધ છે અને આપણી સંસ્કૃતિ જાળવી રાખી છે અને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.

# ભાટીયામાં શિક્ષક સંઘ દ્વારા નવરાત્રી રાસોત્સવ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા.૮



ભાટીયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને કલ્યાણપુર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષક પરિવાર માટે એક દિવસીય નવરાત્રી રોસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા અને જિલ્લામાંથી આશરે ૮૦૦ થી વધુ શિક્ષક પરિવારના સદસ્યોએ આ રાસોત્સવમાં ભાગ લીધો હતો. આ આયોજનમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન લુણાભા સુમણિયા, કલ્યાણપુર મામલતદાર રામભાઈ સુવા, પી.આઈ. રાજવી, પી.એસ.આઈ. ઝાલા અને યુ.બી. અખેડ, જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદભાઈ આંબલીયા, ગામના સરપંચ કે.વી. ચાવડા તાલુકા શિક્ષણ અધિકારી જીવાભાઈ, સહિતના આગેવાનો, તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ, મહામંત્રી અને કારોબારી સભ્યો, બી.આર.સી. કો-ઓર્ડીનેટર, સમગ્ર શિક્ષા અભિયાનના કર્મચારીઓ વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ રાસોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ખેલૈયાઓને શિલ્ડ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લા સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, મહામંત્રી અશોકભાઈ કરમુર, તાલુકા સંઘના પ્રમુખ કરશનભાઈ રાવલિયા અને રવજીભાઈ ડાભીના આયોજનને બિરદાવ્યું હતું. કાર્યક્રમનું એક્રરિંગ હાજાભાઈ વાળા અને ડી.કે. કરમુર દ્વારા કરાયું હતું.

# વિસાવદર તાલુકા કોર્ટમાં ઈ-સેવા કેન્દ્રનો પ્રારંભ, ન્યાયાધીશશ્રીઓ દ્વારા દીપ પ્રાગટય કરી ખુલ્લું મુકાયું



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા. ૮

વિસાવદર પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ ખાતે તા.૫-૧૦-૨૪ના રોજ ઈ સેવા કેન્દ્રનો એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ જે.એલ. શ્રીમાળી તથા પ્રિન્સિપાલ સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટય કરી જાહેર જનતાને લાભાર્થે ખુલ્લું મુકવામાં આવેલ હતું. વિસાવદર સિવિલ કોર્ટ બિલ્ડિંગમાં નામ. ડિસ્ટ્રીકટ કોર્ટ જૂનાગઢની સુચના મુજબ બપોરના ૨ કલાકે વિસાવદર બાર એસોસિએશનના સભ્યો, કોર્ટ સ્ટાફ તથા પક્ષકારોની મોટા પ્રમાણમાં હાજરીમાં દીપ પ્રાગટય કરી ઈ-સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વિસાવદરના પ્રિન્સિપાલ સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા ઈ-સેવા કેન્દ્ર દ્વારા કરવામાં આવનાર વિવિધ સેવાકીય પ્રવૃત્તિ વિશે વિસ્તુત માહિતી આપેલ અને જણાવેલ કે આ સુવિધા વિસાવદરની ત્રણેય કોર્ટમાં ન્યાયની અપેક્ષાએ આવતી પ્રજાને આંગળીના ટેરવે પોતાના કેસોની માહિતી મળી રહે અને કોર્ટમાં ચાલતી કેસોની કાર્યવાહીથી તેઓ માહિતીગાર રહે તેમાં આ ઈ-સેવા કેન્દ્રની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા લોકોને પોતાના કેસોની માહિતી મળી રહે તેવા શુભહેતુથી સમગ્ર ગુજરાતમાં જુદી જુદી કોર્ટોમાં આ સેવાનો પ્રારંભ કરાવવામાં આવેલ છે.

ઈ-સેવા કેન્દ્રના માધ્યમથી વકીલો તથા પક્ષકારોને કોર્ટમાં ચાલતાં તેમના કેસો અંગેની જરૂરી માહિતી મેળવવામાં ખૂબ સરળતા રહેશે. ઉપરાંત કોર્ટમાં આવતા તમામ પક્ષકારોના સમય અને નાણાંનો વ્યય થતો પણ અટકશે. વધુમાં વધુ પક્ષકારો ઈ-સેવા કેન્દ્રનનો વધારેમાં વધારે લાભ લે તેવી અપીલ કરી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# નવરાત્રી અને શરદપૂનમ દરમ્યાન પશુ-પક્ષીની બલીની માહિતી માટે અનુરોધ

## 'હવનાષ્ટમીએ પશુબલી ઘટનાની જાણ કરો', ભારતમાં માનતાના નામે પશુબલી કરવી કાનુની અપરાધ : વિજ્ઞાન જાથા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૮

ભારતમાં સદીઓથી પરંપરા, માન્યતા, રિવાજ, માનતાના નામે નૈવેધ્યમાં જીવતા પશુ-પક્ષીની બલી ચડાવવાની ગેરમાન્યતા જોવા મળે છે. અમુક જ્ઞાતિ આજે પણ પશુબલીમાં અતિ શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રિમાં આઠમ, નોમ, દશેરા, પૂનમના દિવસે પશુબલી અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાએ અભિયાન આદર્યું છે. રાજયમાં પશુબલી ઘટનાના સંદર્ભે આધાર-પુરાવા સાથે માહિતી આપવા લોકોને અપીલ કરવામાં આવી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં કાયદા પ્રમાણે પશુ-પક્ષીની બલી ચડાવવી ગુન્હાને પાત્ર છે. માનતા રાખનાર, પશુ-પક્ષીની હથીયારથી હત્યા કરનારા, તેને પ્રેરનારા, ધૂણીને કે માતાજીના નામે પશુબલીનો આગ્રહ કરનારા તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહીનો નિર્દેશ છે. પશુને ભુખ્યા રાખવા, વાહનમાં લાવવા, અમાનુષી ત્રાસ આપવા સંબંધી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવે છે. સરકારે એક પણ જ્ઞાતિ-સમાજને પશુબલી માટે માન્યતા આપી નથી કે કોઈપણ પ્રકારનો પરિપત્ર અસ્તિત્વમાં નથી. છતાં જાથાની જાણમાં આવ્યું છે કે પશુબલી મંજુરી સંબંધી પરિપત્રના અનેક સોગંદનામા કરી અંધમાન્યતામાં શ્રદ્ધા ધરાવતા લોકો પોતાની પાસે રાખી પશુબલી કોઈ અટકાવી શકે નહિ તેવો વિશ્વાસ રાખે છે વાસ્તવમાં ખોટો છે. આજે પણ કોઈપણ વ્યક્તિ, નાગરિક, જાગૃતો સરકારી તંત્રને જાણ કરે કે તુરંત પશુબલી અટકાવવા પોલીસ તંત્ર પહોંચી જાય છે. પશુબલી મંજુરી સંબંધી પરિપત્ર સંપુર્ણ ખોટો, બેબુનિયાદ, અસ્તિત્વ ધરાવતો ન હોય નિર્દોષ શ્રદ્ધાળુ કાયદાની ચુંગાલમાં ફસાય જાય નહિ તેવી જાથા માહિતી આપે છે. વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે જાથાએ પશુબલી અટકાવવા દેશવ્યાપી અભિયાન આદર્યું છે. નવરાત્રિમાં હવનાષ્ટમી, નોમ, દશેરા, પૂનમના દિવસે આજે પણ અમુક જ્ઞાતિ માનતા પ્રમાણે પશુબલીનો ધાર્મિક કાર્યક્રમ, માંડવો રાખે છે તે અટકાવવા જાથા કટિબદ્ધ છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમણે આધાર-પુરાવા સાથે માહિતી આપ્યા પછી ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ અટકાવવા સંબંધી તંત્રને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવશે. જાથાના અનુભવ પ્રમાણે અંગત રાગ-દ્વેષના કારણે હેરાન કરવાવાળા ખોટી માહિતી આપે છે. જાથા કોઈપણ સમાજની લાગણી દુભાવવા માંગતું નથી. આજ સુધી કોઈપણની ધાર્મિક લાગણી દુભાવી નથી. કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. રાજયમાં પશુબલી ઘટના સંદર્ભે માહિતી સરકારી તંત્ર અને વિજ્ઞાન જાથાને આપી નિર્દોષ પશુ-પક્ષીની હત્યા અટકાવવામાં નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવે છે. વધુમાં પંડયા જણાવે છે કે પશુ-પક્ષીની બલી ચડાવવી સામાજિક કલંક છે. નિર્દોષ પશુની હત્યાના બદલે મીઠા નિર્વેધ્ય શાકાહારી કરી શકાય છે. અમુક જ્ઞાતિએ ફેરફાર કરીને પશુબલી સદંતર બંધ કરી દીધી છે તેને જાથા આવકારે છે. અમુક ભુવા-માનતાનું



જડતાપૂર્વક વર્તન કરી, માતાજી નારાજ, કોપાયમાન થાય તેવો ડર-ભાય બતાવી પશુબલીનો આગ્રહ રાખે છે તેમાં ફેરફાર કરાવવો જ્ઞાતિના સમાજ સુધારકની ફરજ છે. રાજયમાં જિલ્લા કક્ષાની કાર્યવાહી કમિટી બનાવી છે તે જીલ્લામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા, પંચમહાલ, ભુજ-કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અરવલ્લી, તાપી, રાજપીપળા વિગેરે જિલ્લા-તાલુકા મથકોએ માનતાના નામે પશુબલીની ઘટના સંદર્ભે કામગીરી સંભાળશે. જાથાના રાજુભાઈ યાદવ, નિર્ભય જોશી, રવિ પરબતાણી, પ્રમોદ પંડયા, નાથાભાઈ પીપળીયા, મહેશ પટેલ, કિશોરગીરી ગોસાઈ, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ વિગેરે સદસ્યો જિલ્લા મથકોએ આવેલી માહિતીની ખરાઈ કરી પશુબલી અટકાવવા સંબંધી કાર્યવાહી કરવાના છે તે સંબંધી પુરાવા સાથે જીવદયા પ્રેમીઓએ માહિતી આપવી. અંતમાં પશુબલીની આધાર-પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ આપવા અનુરોધ છે.

# યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા જૂનાગઢમાં તેજસ્વી મુસ્લિમ તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



## બે પાંચ ટકા લોકો ખરાબ હોય તેનાથી કંઈ આખો સમાજ ખરાબ થઈ જતો નથી : સંજયભાઈ કોરડીયા

જૂનાગઢ તા.૮

છેલ્લા ૨૦ કરતાં વધુ વર્ષોની પરંપરા મુજબ જૂનાગઢ શહેરમાં યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા મુસ્લિમ તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો હતો. યુનાઈટેડ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ ઈકબાલભાઈ મારફતિયા અને તેમની ટીમ દ્વારા સતત મુસ્લિમ સમાજમાં શૈક્ષણિક જાગૃતિ લાવવાના પ્રયાસોના ભાગરૂપે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કરોડિયાએ તેમના મનનીય સંબોધનમાં જણાવ્યું હતું કે કોઈપણ સમાજને મજબૂત કરવા માટે શિક્ષણ જરૂરી છે. ધર્મની સાથે શિક્ષણ, સંસ્કાર, ચિંતનની અનિવાર્ય જરૂરિયાત છે. સન્માનનું પણ એટલું જ મહત્વ છે. તેમણે કહ્યું કે દેશ જ્યારે આઝાદ થયો ત્યારે ૧૯૪૭માં લગભગ તમામ સમાજની સ્થિતિ એક સમાન જેવી હતી. પરંતુ જે સમાજ પાસે માળખું હતું તેને પ્રગતિ કરવામાં નોંધપાત્ર ગતિ અને સફળતા પ્રાપ્ત કરી. સંજયભાઈ કોરડીયા એ ભારપૂર્વક કહ્યું કેકોઈ પણ ધર્મ ખરાબ હોતો નથી કોઈપણ ધર્મમાં હિંસાને કોઈ સ્થાન નથી. દરેક ધર્મમાં સદાચારનો સંદેશ આપવામાં આવ્યો છે. અને લોકોને ધર્મ દ્વારા સારૂ જ શીખવા મળે છે. મુસ્લિમોમાં બે-પાંચ ટકા લોકો ખરાબ હોય તો તેનાથી કંઈ આખો સમાજ ખરાબ થઈ જતો નથી. તેમ જણાવતા ધારાસભ્યએ કહ્યું કે મુસ્લિમ સમાજ પણ સારો સમાજ છે. આ સમાજ પણ લોકોને દિશા ચીંધવા માટે સક્ષમ છે. પરંતુ વર્તમાન મુસ્લિમ સમાજમાં શૈક્ષણિક વ્યવસ્થા વધુ મજબૂત કરવાની જરૂર છે કારણ કે મુસ્લિમ સમાજમાં હાલમાં મોટાભાગના લોકો શ્રમજીવી હોય છે. શૈક્ષણિક ક્ષેત્રે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. મુસ્લિમ સમાજમાંથી પણ આઈએએસ, આઈપીએસ ઓફિસરો આવે અને દેશ સેવા કરે તેવા પ્રકારનો હું સમાજ જોવા માગું છું અને તેનાં માટે તેવા પ્રકારની વ્યવસ્થા સમાજ ઊભી કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે, મુસ્લિમ સમાજને પણ નેતૃત્વ કરવાનો અધિકાર છે. મુસ્લિમ સમાજમાં પણ શિક્ષણ ક્ષેત્રે મજબુત કામગીરી કરવામાં આવશે તો સમાજ ચોક્કસ મજબૂત બનશે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ વધુમાં કહ્યું કે હાલમાં સમગ્ર વિશ્વમાં અમેરિકાની શિક્ષણ પદ્ધતિ ખૂબ સારી છે કારણ કે અમેરિકામાં વડાપ્રધાનનો પુત્ર અને એક શ્રમજીવીના પુત્ર એક જ શાળામાં ભણે છે કારણકે શાળામાં શિક્ષણનું સ્તર અને ગુણવત્તા ખૂબ જ સારી હોય છે. તેમણે વાલીઓને ખાસ સલાહ આપતા કહ્યું કે ક્યારેય માતા-પિતાએ બાળકની શક્તિને ઓછી આંકવી જોઈએ નહીં. તેમજ બાળકોનું તમારા સંતાનોનું અપમાન કરવું જોઈએ નહીં તમારૂં બાળક શ્રેષ્ઠ છે તેવી પ્રતીતિ તેને સતત કરાવી જોઈએ. જેથી કરીને તે પોતાની શક્તિઓને યોગ્ય દિશામાં ઉજાગર કરી શકે. લક્ષ્ય નબળું રાખવું જોઈએ નહીં, લક્ષ્ય હમેશા ઊંચું રાખવું જોઈએ. તેમ જણાવતા સંજયભાઈ કોરડીયા એ કહ્યું કે સમાજના ઘડતરમાં આપણો ફાળો પણ હોવો જોઈએ. બાળકોને શિખામણ આપતા કહ્યું ક્યારેય માતા-બાપને મુશ્કેલી થાય તેવું કોઈ કાર્ય કરવું જોઈએ નહીં. આપણા માતા-પિતા આપણને તેમની શક્તિ અને ક્ષમતા કરતા વધારે સુવિધા આપે છે. હાલમાં જ્યારે દેશમાં સંયુક્ત કુટુંબની પ્રથા નાબૂદ થતી જાય છે ત્યારે એ ખુશીની વાત છે કે મુસ્લિમ સમાજમાં આ સંયુક્ત કુટુંબની પ્રથા છે જેની સંજયભાઈએ સરાહના કરી હતી. સંજયભાઈ કરોડીયા ના સંબોધન બાદ મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓને સન્માન કાર્યક્રમ શરૂ થયો હતો. જેમાં મુસ્લિમ સમાજના સીએથી લઈ ડોક્ટર એન્જિનિયર કોલેજ ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનું, તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જુનાગઢ શહેરના અગ્રણી પર્યાવરણ વિદ અલ્તાફભાઈ કુરેશીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જનાં વિષયમાં કાર્યવાહી સબબ અલ્તાફભાઈને રાજ્ય સરકાર તરફથી રૂા.૭૫,૦૦૦ની ધન રાશી સાથે એવોર્ડ એના થયો હતો જે એવોર્ડની ધન રાશી તેમણે મુખ્યમંત્રી રાહત ફંડમાં અર્પણ કરી હતી. આ તકે સૌરાષ્ટ્રના મુસ્લિમ સમાજના પ્રથમ કેન્સર સર્જન ડો. મંજરખાનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

જ્યારે કાર્યક્રમના પ્રારંભે મૌલાના મતીન સાહેબે ખૂબ જ સરસ વાત કરતા કહ્યું કે ઈસ્લામમાં દિની તાલીમઅને દુનિયાવી તાલીમમાં કોઈ ફરક નથી. ૧૩૦૦ વર્ષ સુધી આ બાબત રહી હતી. બંને અનિવાર્ય છે. રોટી કપડાં અને મકાન કરતાં પણ આપણા સમાજમાં શિક્ષણની જરૂરિયાત ૧૦૦ ગણી વધારે છે. આપણા બાળકોમાં પણ ટેલેન્ટ છે જેને બહાર લાવવાની જવાબદારી આપણી તમામની છે તેમ તેમણે જણાવ્યું હતું.યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફર ટ્રસ્ટ નાં કાર્યક્રમમાં શહેરભરમાંથી વિવિધ ક્ષેત્ર ના આગેવાનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, મહાસાગર ટ્રાવેલ્સનાં એમડી કાળુભાઈ સુખવાણી, હાટકેશ હોસ્પિટલના ટ્રસ્ટી ડોક્ટર કલ્પેશ નાણાવટી, જી. પી. કાઠી, કે. ડી.પંડ્યા , ગીરીશભાઈ ભંડેરી, અગ્રણી બિલ્ડર અને સમાજસેવક ફરીદભાઈ દુરવેસ, પ્રોફેસર ફિરોજભાઈ શેખ, ડોક્ટર મોહસીન લુલાનીયા , ડો. અશરફ ખાન, ડો.મંજરખાન, ડો. વશેફ ખાન, ડો. સઈદ કાજી, વકિલ સબીરભાઈ શેખ, અબ્દેરેહમાનભાઈ પંજા, અસરફ ભાઈ થઈમ, લતિફ બાપુ કાદરી, રજાકભાઈ હાલા, ઝેનુંદિન ભગતભાઈ, શફીભાઈ સોરઠીયા, અઝીઝભાઈ બાટવિયા, ડો સમિઉલ્લહ સિંધી, ફારુકભાઈ બાવાની, અઝીઝ ભાઈ સોરઠિયા, હનીફભાઈ હાલા સરપંચ, આદિલભાઈ કોતલ સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ કાર્યક્રમ બનાવવા માટે શફી ભાઈ દલાલ, અશફાકભાઈ મારફતિયા, અસીમભાઈ મારફતિયા તેમજ તેમની ટીમ દ્વારા ભારે મહેનત કરવામાં આવી હતી . જ્યારે હરહંમેશની જેમ કાર્યક્રમનું સફળ સંચાલન વાલીએ સોરઠ માધ્યમિક શાળાના આચાર્ય ડોક્ટર હારૂનભાઈ વિહળેએ કર્યું હતું. ડોક્ટર હારૂન ભાઈ વિહલે અંતમાં સંદેશ આપતા કહ્યું કે શિક્ષણની સાથે ઈસ્લામિક તરબિયત પણ જરૂરી છે. ડોક્ટર એન્જિનિયર,વકીલ, અધિકારી, ઉદ્યોગપતિ ગમે તે બનો પણ સાથેસાથે ઈસ્લામિક તરબિયત, સંસ્કાર નીતિમત્તા હોવી પણ જરૂરી છે. કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સફળ થયો હતો.

## ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોના સુચારૂં આયોજન માટે જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક મળી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધા હતા. ત્યારે ૨૦૦૧થી ૨૦૨૪ સુધીની તેમની ૨૩ વર્ષની સર્વગ્રાહી યાત્રાની ગાથાને લોકો સુધી લઈ જવા માટે ૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યમાં ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી કરવામાં આવી રહી છે. "વિકાસ સપ્તાહ"ની ઉજવણીનો પ્રારંભે જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠક દરમ્યાન સપ્તાહમાં યોજાનારી વિવિધ પ્રવૃત્તિઓમાં વહીવટી તંત્ર સાથે નાગરિકો પણ સહભાગી બને અને ઉજવણીને સાર્થક બનાવે તે માટેના પ્રયાસો કરવા ઉપસ્થિત સૌ અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ સપ્તાહની ઉજવણી દરમિયાન વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિકાસ પ્રદર્શન, સોશિયલ મીડિયા-ડિજીટલ મીડિયા ઝૂંબેશ, સફળતાની ગાથા, યુવા વર્ગની સહભાગીતા, કલાસ્થાપત્ય, વિકાસ રથ, મહત્વના સ્થળોનું સુશોભન, ભીંત ચિત્રો માટે સ્પર્ધા, શાળા-કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓ-પ્રવચનો વગેરે બાબતો અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતે સૌ અધિકારીઓએ દેશ માટે સમર્પિત ભાવના સામુહિક ભારત વિકાસના શપથ લીધા હતા અને પ્રતિક્ષાનું વાચન કર્યું હતું. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી **https://pledge. my gov.in/bharat-vikas/** પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

તેનો લાભ જિલ્લાના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધા અંગેનું સર્ટિફિકેટ પણ પોતાનાન નામ વાળું મેળવી શકશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, મ્યુનિ. કમિશનર ડો. ઓમ પ્રકાશ, નિવાસી અધિક કલેક્ટર એન.એફ ચૌધરી સહિત સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગિરનાર અંબાજી મંદિરે આઠમનો હવન શુક્રવારે યોજાશે : બપોરે બીડું હોમાસે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ ગીરીવર ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના મંદિરે આસો નવરાત્રીનો આઠમનો હવન શુક્રવારે સવારે યજ્ઞ શરૂ થશે. બપોરે ૧૨ વાગે બીડું હોમવામાં આવશે. મંદિરના મહંત તનસુખગીરી બાપુની એક યાદીમાં જણાવાયું છે કે માતાજીના નવલા નોરતાના અનુષ્ઠાન અને માતાજીની રોજબરોજની પૂજા અર્ચન અને આરતી અને હવનષ્ટમી આઠમનો યજ્ઞ તારીખ ૧૧ને શુક્રવારના રોજ યોજવામાં આવશે. વહેલી સવારે યજ્ઞ શરૂ થશે અને બપોરે ૧૨ વાગે બીડુ હોમવામાં આવશે.

ત્યારબાદ મહા આરતી અને ભાવિકો માટે મહાપ્રસાદનું અનેરૂ આયોજન કરાયું છે. જેમાં માતાજીના દર્શને પધારેલા ભાવિકો માટે મહાપ્રસાદનું અનેરૂ આયોજન કરાયું છે. સાથે સાથે નવરાત્રીમાં અનુષ્ઠાન કરી રહેલા પૂજારીઓ હવનમાં ભાગ લેશે. તદઉપરાંત નીચે ભીડભંજન મહાદેવની જગ્યા ખાતે પૂજ્ય તનસુખગીરી બાપુની નિશ્રામાં વાઘેશ્વરી માતાજીના અનુષ્ઠાનના હવનના દિવસે યજ્ઞ યોજાશે જેમાં પૂજ્ય બાપુ દ્વારા ગરબી મંડળની બાળાઓને પ્રસાદ અને લાણીનું વિતરણ કરવામાં આવશે.

## જૂનાગઢમાં મોટર સાયકલનું સતત હોર્ન વગાડવા બાબતે ટપારતા પોલીસ કર્મચારી સાથે ઝપાઝપી કરી મુકકા મારી ફરજમાં રૂકાવટ કરી : પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ રાજીવનગર વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહયા હોય દરમ્યાન કારણ વગર હોર્ન વગાડતા યુવકને રોકી પુછપરછ કરતા યુવકે ફોન કરી પોતાના પિતાને બોલાવી ઝપાઝપી કરી મુકકા મારી ફરજમાં રૂકાવટ કર્યા અંગેની ફરીયાદ સી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે પોલીસ હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રભાઈ લખમણભાઈ બકોત્રાએ કાળા દેવરાજભાઈ રાડા, કાળા દેવરાજ રાડાની પત્ની, કાળા દેવરાજનો દિકરો અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે,

ફરીયાદી તથા સાહેદ પો.હેડ.કોન્સ.વિપુલભાઈ નાગદાનભાઈ ડાંગરએ પોતાની કાયદસેરની ફરજના ભાગ રૂપે આરોપી કાળા દેવરાજ રાડા રહે.લીરબાઈપરા વાળના દિકરાને કે જે તેમની મોટર સાઈકલનું સતત હોર્ન વગાડતો હોય તેમને રોકી અને પુછપરછ કરી ડ્રાઈવીંગ લાયસન્સ માંગતા ડ્રાઈવીંગ લાયસન્સ નહી આપી ફરીયાદી તથા સાહેદ સાથે ગેરવર્તન કરી અને કાળા દેવરાજ રાડાને ફોન કરી બોલાવતા આરોપી કાળા દેવરાજ રાડા અને તેમની પત્નીએ આવી ફરીયાદી તથા સાહેદની કાયદેસરની ફરજમા રૂકાવટ કરી તેમજ કાળા દેવરાજ રાડા તથા તેમની સાથે આવેલ અજાણી વ્યકતીએ ફરીયાદી તથા સાહેદ સાથે ગેરવર્તન કરી, ફરીયાદી ઉપર હુમલો કરી જપાજપી કરી, છાતીમાં ઢીકો મારી તથા ફરીયાદીએ પેહરેલ પોલીસ ડ્રેસના શર્ટનું ખીસ્સુ ખેંચી તોડી નાખી અને બંનેના હાથમાં વીખોડીયા ભરી ફરીયાદીના નામની નેમ પ્લેટ તોડી નાંખેલ અને કાળા દેવરાજની પત્નીએ તેમના દિકરાને સારવારમાં દાખલ થઈ ફરીયાદી તથા સાહેદ વિરૂધ્ધમાં ખોટી ફરીયાદ દાખલ કરવાનું કહી અને કાળા દેવરાજ રાડાએ કુવાડી લઈ આવી ફરીયાદી તથા સાહેદો પોલીસ સ્ટાફના માણસોને મારી નાખવાની ધમકી આપી, ફરીયાદીને તથા પોલીસના માણસોને મુકશે નહી તેમ કહી જતા રહેવાનુ કહી તમામએ ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ફરીયાદી ઉપર હુમલો કરી શરીરે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ સી ડીવીઝન પીએસઆઈ વણઝારાએ હાથ ધરી છે.

## રાજ્યમાં તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ''આયુષ્માન આરોગ્ય શિબીર''નું આયોજન કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજયની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. આ વિકાસની ગતિ સતત ચાલુ રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમ દ્વારા તા.૭ થી ૧૫ ઓક્ટોબર સુધી ગુજરાતમાં 'વિકાસ સપ્તાહ'ની ઊજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલની આગેવાનીમાં તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ રાજયમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર, તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ''આયુષ્માન આરોગ્ય શિબીર''નું આયોજન કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યું છે કે, આયુષ્માન આરોગ્ય શિબીરમાં જિલ્લાના કોઈ પણ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિષ્ણાંત સેવાઓની ઉપલબ્ધતા એટલે કે સ્ત્રીરોગ ચિકિત્સક, બાળરોગ નિષ્ણાત, સર્જન, એનેસ્થેટીસ્ટ, આંખના નિષ્ણાત, ENT નિષ્ણાત, ત્વચા રોગ ચિકિત્સક, મનો ચિકિત્સક, ડેન્ટલ સર્જન વગેરે નિષ્ણાતોની નાગરિકોને સેવા મળશે, ઓપરેશન(માઈનર/મેજર), MTP, મોતિયાના ઓપરેશનો વગેરે કરવામાં આવશે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવશે તેમજ ABHA (આરોગ્ય ID) જનરેટ કરવાના રહેશે. આર એમ એન સી એચ+એની સેવાઓ, ટીબી સ્ક્રીનીંગ અને સારવાર અને સીબેક ફૉર્મ જે આશા દ્વારા ભરવા, એનસીડીની સ્ક્રીનીંગ અને સારવાર, સિકલ સેલ સ્ક્રીનીંગ અને સારવારની સુવિધા નાગરિકોને આપવામાં આવશે. વધુમાં શિબિરમાં આયુષ સેવાઓ, IEC, BCC અને કાઉન્સેલિંગ સેવાઓ, સિકલ સેલ સ્ક્રીનિંગ અને સિકલ સેલ કાર્ડનું વિતરણ(ફકત અસરગ્રસ્ત વિસ્તારમાં), વેલનેસ પ્રવૃત્તિઓ જેવી કે યોગા, મેડીટેશન/ધ્યાન, વ્યક્તિગત માસીક સ્વચ્છતા, પોષણ વિશે માહિતી, પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર નાગરિકોનો માનસિક સ્વાસ્થય કાઉંસીલીંગ થાય તેમ આયોજન કરવા યાદીમાં જણાવાયું છે.

## સોમનાથ સમુદ્ર તટ વાઘેશ્વરી માતાજી મંદિરે નવરાત્રી મહોત્સવ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૮

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાંનિધ્યમાં સમુદ્ર તટે સોમનાથ ચોપાટી ઉપર આવેલા વાઘેશ્વરી માતાજીના મંદિરે નવરાત્રીની દિવ્ય ઉજવણી થઈ રહી છે. નાની - નાની કુમારિકાઓ, બાળકો સહપરિવાર સાથે ગરબે ઘુમી માતાજીની આરાધના કરે છે. સૌથી પ્રાચીન ગણાતી આ ગરબીને સોમનાથ ટ્રસ્ટ કર્મચારી મંડળ અને ટ્રસ્ટનો સુંદર સહયોગ મળેલ છે.

વાઘેશ્વરી માતાજીને દરરોજ દિવ્ય શણગાર હવનાષ્ટમીએ હવન અને માતાજીના અનુષ્ઠાન પણ યોજાતા રહે છે. નવરાત્રીમાં સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, અજય દુબે, સુરૂભા જાડેજા, ઉમેદસિંહ જાડેજા તથા જીતુપુરી બાપુની પ્રેરક ઉપસ્થિતી તથા સહયોગ રહેલ છે.

## સોમનાથ મહાદેવ મંદિર પ્રતિકૃતિનો દુર્ગાપૂજા પંડાલ ઝારખંડમાં બનાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૮

ગુજરાતમાં જેમ નવરાત્રી તેમ બંગાળ અને ઝારખંડમાં દુર્ગાપૂજાનું અનેરૂ મહત્વ હોય છે. ઝારખંડના જમશેદપુરમાં આ વરસનો દુર્ગાપૂજા પંડાલ ભારતના બાર જ્યોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરની થીમ ઉપર પ્રતિકૃતિ પંડાલ બનાવાયો છે. લગભગ ૧૦૦ ફીટ પહોળો અને ૮૦ ફીટ ઉંચો આ પંડાલનું નિર્માણ કરવામાં ૫૦ કારીગરો દિવસ-રાત મહેનત કરી ૯૦ દિવસમાં તૈયાર કર્યો છે. જે પશ્ચીમ બંગાળના માયાપુરના કારીગરોએ તૈયાર કરેલ છે. શારદીય નવરાત્રી પાંચમાં નોરતાથી શરૂ થતી હોય છે જેમાં દુર્ગાપૂજા દશેરા સુધી ચાલતી હોય છે. આ દિવસમાં આઠમ-મહા

## જૂનાગઢના ઝાંઝરડા રોડ પર પોલીસની ખોટી ઓળખ આપી શખ્સોએ છરી બતાવી યુવાન પાસેથી રૂા.૮૦૦ કઢાવી લીધા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર આવેલ સોપાન પાર્ક નજીક એક યુવાન પોતાની મહિલા મિત્ર સાથે અન્ય મિત્રોની રાહ જોતા હતા ત્યારે ૩ બાઈક પર ત્રણ શખ્સોએ આવી પોલીસની ખોટી ઓળખ આપી અહી શું કરો છો એમ કહી યુવકનો કાઠલો પકડી છરી બતાવી ૮૦૦ રૂપીયા બળજબરીથી કઢાવી લઈ પોલીસની ગાડી આવતા જોઈ એક બાઈક મુકી નાસી છુટયા અંગેની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે રાહુલ વિનોદભાઈ કાંજાણી રહે.ખ્વાજાનગર,ખામધ્રોળવાળાએ બાઈક નં.જીજે-૧૧-સીઈ-૨૧૬૦, બાઈક નં.જીજે-૧૧-એકે-૦૦૯૨ તથા જયુપીટર પર આવેલા ૩ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા તેમના મિત્ર ગઈકાલે ના રાતના નવેક વાગે બંને જણા ઝાંઝરડા ખાખીનગર ખાતે ગરબી રમવા જતા હોય અને ઝાંઝરડા રોડ ઉપર આવેલ સોપાન પાર્કના સિમેન્ટ રોડ ઉપર ઉભા રહી તેમના બીજા મિત્રોની રાહ જોતા હતા તેવામા ૩ અજાણ્યા શખ્સોએ અલગ અલગ બાઈકો ઉપર આવી ફરીયાદીતથા તેના મિત્ર પાસે આવી તેમને પોલીસની ખોટી ઓળખ આપી ફરીયાદીનો કાઠલો પકડી, માર મારી ફરીયાદીને છરી બતાવી ડરાવી, ધમકાવી, ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી પાસેથી રૂા.૮૦૦ બળજબરીથી કઢાવી લઈ, ત્રણેય અજાણ્યા શખ્સોએ દુરથી પોલીસની ગાડી આવતી જોઈ જતા ત્યાં સ્થળ ઉપર એક સ્પલેન્ડર બાઈક મુકી નાસી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે મંગળવારે પાંચમાં નોરતે માં સ્કંદ માતાની પૂજા



આજે આસો શુદ પાંચમને મંગળવાર તા.૮ ઓક્ટોબરમાં સ્કંદ માતાની પૂજા. માતા દુર્ગાના કુલ નવ સ્વરૂપો સ્કંદ માતાને સમર્પિત છે અને નવરાત્રીના પાંચમો દિવસ દેવી. સ્કંદ માતાની પૂજા માં દુર્ગાનું પાંચમુ સ્વરૂપ સ્કંદ માતા છે. જેની ઉપાસના નોરતાના પાંચમાં નોરતે કરવામાં આવે છે. સ્કંદ એટલે કાર્તિકેય નામથી ઓળખાય છે. જેમાં માતા એટલે સ્કંદ માતા જેના ખોળામાં કુમાર કાર્તિકેય બાળ રૂપમાં બેઠા છે. જે દેવતાઓના સેનાપતી છે. માતાજીને ચાર હાથ છે. હાથમાં કમળ વરમુદ્રા છે અને કમળના આસનમા સુશોભિત છે. માતાજીને પદમાસના દેવી પણ કહેવામાં આવે છે. માતાજીનું વાહન સિંહ છે. માતાજીની ઉપાસના સાવધાની પૂર્વક કરવી એક ચિંતે ધ્યાનપૂર્વક કરવી જોઈએ. માતાજીની ઉપાસનાથી મનની મનોકામના પૂર્ણ થાય છે અને મોક્ષ મળે છે. માતાજી સૂર્ય મંડળના અધિષ્ઠાત્રી તેના કારણે સ્કંદ માતાની ઉપાસના કરવાથી શરીરમા તેજ આવે છે. ખાસ કરીને માતાજીની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઈએ આથી ભવસાગર દુઃખોમાંથી મુક્તિ મળે છે. માતાજીનો મંત્ર : ઓમ હ્રીં ક્રી સ્વામિન્યે નમઃ, નૈવેદ્ય : માતાજીને કેળાનો પ્રસાદ ધરાવો તથા બ્રાહ્મણ ભોજન કરાવું. દાન દક્ષિણા આપવી.

**- શાસ્ત્રી રાજદીપ**


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **રામાણી દેવીબેન રૂપચંદ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સપના રાઘવાણી** રાખેલ છે. જે હવે પછી હું **સપના રાઘવાણી** નાં નામથી ઓળખાઈશ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સપના રાઘવાણી**

બ્લોક નં.૩૬, સિંધી સોસાયટી, ગાંધીગ્રામ, જૂનાગઢ

## CHANGE NAME

I the undersigned DEVI RAGHWANI hereby declare that have changed my old name from RAMANI DEVIBEN RUPCHAND to SAPNA RAGHWANI now and onwords would be known By My name SAPNA RAGHWANI

Address : SAPNA RAGHWANI
Block no. 36, sindhi society,
Gandhigram, junagadh- 362001

જીમખાના વિવાદની હજુ શાહી સુકાઈ નથી ત્યાં અધિકારી રાજનો વધુ એક બનાવ

# જીલ્લા સ્પોર્ટસ કલબનો વહીવટ ડીડીઓએ પોતાના હસ્તક લઈ લીધો

**જીલ્લા સ્પોર્ટસ કલબના હોદેદારોએ વકીલ મારફત અધિકારીને નોટીસ પાઠવી અને જ્યાં સુધી સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી તમામ કાર્યવાહી મૌકુફ રાખવા સુચના આપી**

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં તાજેતરમાં બનેલા એક નાટકીય બનાવમાં જીમખાનાનો વહીવટ વહીવટી તંત્ર દ્વારા ગંભીર પ્રકારના આક્ષેપો સાથે સંભાળી લેવાના બનાવની હજી શાહી પણ સુકાઈ નથી ત્યાં વધુ એક સ્પોર્ટસ કલબને પોતાના હસ્તક લઈ લેવાનો કારસો થયાનો અને તે મતલબની જાણ જૂનાગઢ જીલ્લા સ્પોર્ટસ કલબના હોદ્દેદારોને પત્ર પાઠવી અને છેલ્લા ૨૪-૨૪ વર્ષોથી કુશળ સંચાલન કરી રહેલા જીલ્લા સ્પોર્ટસ કલબના હોદેદારોનું માળખું વિખેરી નાખી અને પોતાના હસ્તગત વહીવટ જીલ્લા વિકાસ અધિકારી દ્વારા સંભાળી લેવાના બનાવને પગલે વધુ એક વિવાદનો મધપુડો છંછેડાયો છે અને જેના પગલા સર્વત્ર પડયા છે.

આજથી દોઢેક માસ પહેલા જૂનાગઢ શહેરમાં જીલ્લા સ્પોર્ટસ કલબનો સઘળો વહીવટ પોતાના હસ્તક સંભાળી અને જીલ્લા વિકાસ અધિકારી દ્વારા હયાત માળખાને વિખેરી નાખી અને આપખુદશાહી વલણનો પરચો અપાવી અને એકહથ્થુ શાસન સ્થાપી દીધું છે અને આ બનાવના પગલે જીલ્લા સ્પોર્ટસ કલબ સાથે સંકળાયેલા વર્તુળમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે દરમ્યાન જીલ્લા પંચાયત દ્વારા કાયમી ધોરણે એટલે કે, છેલ્લા ૨૫ વર્ષથી અતુલકુમાર યશવંતરાય વ્યાસ પ્રમુખ, વિરેન્દ્ર ભાનુરાય ઠાકર મંત્રીશ્રી, તેમજ યુસુફખાન ઉમરખાન બાબી (હાલ અવસાન) વગેરે દ્વારા નિયમોનુસાર કુશળ સંચાલન કરવામાં આવી રહેલ હતું. પરંતુ અધિકારી વલણની મનમાનીના ભાગરૂપે જીલ્લા સ્પોર્ટસ કલબને વિખેરી નાખી અને પોતાના હસ્તક ચાર્જ સંભાળી લેવામાં જીલ્લા વિકાસ અધિકારીએ મહત્વની ભૂમિકા ભજવી છે. અને તેના ઘેરા પડઘા પડી રહ્યા છે ત્યારે જીલ્લા સ્પોર્ટસ કલબના હોદેદારો દ્વારા પોતાના એડવોકેટની સલાહ મુજબ એક પત્ર પાઠવી અને હાલ જે વ્યવસ્થા જીલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી રહી છે તેનો વિરોધ દર્શાવ્યો છે. એટલું જ નહીં જ્યાં સુધી સ્પષ્ટતા ન કરવામાં આવે ત્યાં સુધી આગળની કાર્યવાહી મૌકુફ રાખવા પણ જણાવેલ છે.સ્પોર્ટસ કલબ જૂનાગઢના પ્રમુખ અતુલ યશવંતભાઈ વ્યાસે નાયબ જીલ્લા વિકાસ અધિકારી (વિકાસ), જીલ્લા પંચાયત, જૂનાગઢને એક પત્ર પાઠવી અને જણાવેલ છે કે, સાદત વાળા પત્રનો જવાબ આપવામાં આવે છે ૧) સ્પોર્ટસ કલબ જીલ્લા પંચાયતનુ બાંધારણ કાર્યો ભુતકાળના હુકમો, જીલ્લા પંચાયત તરફથી મળતી ગ્રાંટ વિગેરે કાંઈ જોયા વગર આ પત્ર લખાયેલ હોય તેવુ સ્પષ્ટ રીતે જણાય છે. પ્રથમ તો એ બાબત જણાવવાનુ કે કઈ હેસીયત થી આ પત્રનુ મથાળુ માજી પ્રમુખ તરીકે બાંધેલુ છે. હાલના પ્રમુખ ને કોણે હટાવેલા છે અને તેની કાર્યવાહી શી થઈ છે તે કાંઈ આપની ફાઈલમાં હોય તો મોકલશો. આ રીતે રાતો રાત બંધારણ થી વિરુધ્ધ અને સંપુર્ણ અનઅધીકૃત રીતે બંધારણ થી જે પ્રમુખ તરીકે ચુટાયેલા છે તેને માજી પ્રમુખ ગણીને પત્ર લખવો જરા પણ વ્યાજબી નથી. ફરી વખત સ્પોર્ટસ કલબ જીલ્લા પંચાયત જુનાગઢનુ રચાયેલુ બંધારણ તરફ આપનુ ધ્યાન દોરવામાં આવે છે.બંધારણની જોગવાઈ મુજબ અતુલકુમાર યશવંતરાય વ્યાસ એ કાયમી સભ્ય છે. અને સ્પોર્ટસ કલબના સભ્ય સિવાય આપશ્રીનો પણ સમાવેશ થાય છે તેને આ બંધારણની કોઈ જોગવાઈ મુજબ પ્રમુખને દુર કરવાનો અધીકાર નથી આથી માજી પ્રમુખ જેવો શબ્દ સંપુર્ણ પણે ગેરબંધારણીય છે.

નવુ બંધારણ રચવા માટે જુના બંધારણની કઈ કલમ ની જોગવાઈ ધ્યાને લેવાયેલી છે અને સ્પોર્ટસ કલબ જુનાગઢનુ હાલનુ બંધારણ રદ કરવાનુ કોઈ કારણ છે કે કેમ ? તે પણ જણાવશો. જીલ્લા પંચાયતના નાયબ જીલ્લા વિકાસ અધીકારીશ્રી હોવુ તે અલગ વાત છે અને જે પી.ડબલ્યુ.ડી.નુ મકાન છે અને તેમા સ્પોર્ટસ કલબ ચાલે છે તેનુ બંધારણ રદ કરવાની કે નવુ બંધારણ રચવાની કોઈ સતા નાયબ જીલ્લા વિકાસ અધીકારી (વિકાસ) તરીકે આપશ્રી નથી તેની ખાસ નોધ લેશો. કદાચ સતાના જોરે કે બળ ના જોરે સ્પોર્ટસ કલબનો કબજો લેવાનો પ્રયાસ કરશો તો તે અદાલતી આદેશને આધીન રહેશે તેની સ્પષ્ટ નોંધ લેશો. ખરી હકિકતે આ સ્પોર્ટસ કલબના મકાનમાં અન્ય કોઈ વિકાસના કામો કરવાના હોય તો ચોકકસ પણે સ્પોર્ટસ કલબની અત્યારની બોડીને બોલાવીને રૂબરુ ચર્ચા કરી શકાત પરંતુ જીલ્લા પંચાયતનો વહિવટી હુકમ કરવાનો હોય તે રીતે પી.ડબલ્યુ.ડી.ની માલીકીના મકાન કે જેમા સ્પોર્ટસ કલબ બેસે છે તેનુ બંધારણ રદ કરીને નવું બંધારણ બનાવી તથા સ્પોર્ટસ કલબના હોદેદારો પાસે બધા જ સાધનીક કાગળો/ સાહિત્ય માંગવાનો પત્ર લખેલ છે તે શા માટે લખાયેલો છે તે સમજી શકાતુ નથી. સ્પોર્ટસ કલબ એ બીનનોધાયેલ સંસ્થા છે અને તેના સભ્યો તેનો વહીવટ કરે છે. આ બધુ જ સાહિત્ય નાયબ જીલ્લા વિકાસ અધીકારીશ્રી(વિકાસ) ને આપવાનો શું અર્થ છે તે પણ જણાવેલ નથી.

સ્પોર્ટસ કલબ જીલ્લા પંચાયતે વર્ષો થી ખુબ જ સારી પ્રવૃતી ચલાવી રહયુ છે રણજીત ટ્રોફીના ખેલાડીઓ પણ અહીથી તૈયાર થયેલા છે ભુતકાળમાં પણ મોટા સ્પોર્ટસના પ્રસંગો આ જગ્યાએ થયા છે દરેક જીલ્લા વિકાસ અધીકારીશ્રીએ તેમા ભાગ લીધેલો છે અને તેથી જજલ્લા પંચાયત રૂા. ૧ થી ૨ લાખનુ અનુદાન આપે છે. આ કલબ ધ્વારા વર્ષો થી નિશુલ્ક ખેલાડીઓને જીલ્લા પંચાયતની સુચનાથી પ્રશિક્ષણ પણ અપાયે છે અને જીલ્લા પંચાયત સાથે એકદમ સુલહ રીતે કાર્યવાહી થતી હતી. જયારે પી.ડબલ્યુ.ડી.એ આ મકાન સોપ્યુ ત્યારે ગોડાઉન હતુ તેમા મોટો ખર્ચ કરીને તે બેસવા તથા રમવા લાયક બનાવેલ છે. અને કોઈ પણ કારણ વગર આ રીતનો પત્ર લખીને સંસ્થાનુ બંધારણ જ રદ કરવાનુ નકિક કરી સાધનીક દસ્તાવેજો માંગેલા હોય આ પત્ર લખવાની જરૂર પડેલી છે. આ સંજોગોમાં સ્પોર્ટસ કલબ જીલ્લા પંચાયતનુ બંધારણ રદ કરી નવુ બંધારણ ઘડવાનો કાઈ કાર્યાલય આદેશ થયો હોય તો તેની નકલ અને સંસ્થાનુ સાધનીક સાહિત્ય જમા કરવાનો હુકમ કરેલો છે તે અંગે કારણોસાથે જણાવશો જેથી સંસ્થાની આગામી મિટીગમાં મુકીને નિર્ણય કરી શકાય અને ત્યાં સુધી સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી આગળની કાર્યવાહી મૌકુફ રાખશો. તેમ પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે.

એક એવી પણ ચર્ચા જોરશોરથી સંભળાય છે કે, એક વરિષ્ઠ અધિકારી એટલે કે, જીલ્લા વિકાસ અધિકારી દ્વારા પોતાના પરિવારના સભ્યને રમતનું મેદાન મોકળું મળી શકે તે માટે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી અને ૨૪ વર્ષથી સ્પોર્ટસ કલબનો હવાલો સંભાળી રહેલા હોદ્દેદારોને દુર કરી અને પોતાના હસ્તક વહીવટ લઈ લીધો હોવાનું બહાર આવેલ છે. આ બાબતે જો યોગ્ય કરવામાં નહીં આવે તો આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# રૂા.૧૨૫૦ ના પંખા જૂનાગઢ મનપાએ ૨૪૫૦ના ખરીદયા : આને કહેવાય વિકાસ !!

**ભ્રષ્ટાચારના એપી સેન્ટર ગણાતા કોર્પોરેશનનું લાખોનું કૌભાંડ બહાર આવ્યું : ટીંબાવાડી અર્બન સેન્ટરમાં બે આરઓ પ્લાન્ટમાં ૬ લાખ ચુકવાયા, ગ્રાઉન્ડ ફલોરથી ફર્સ્ટ ફલોરની લીફટનાં રૂા.૧૯,૪૩,૫૦૦ ચુકવાયા હોવાનો ઘટસ્ફોટ**



જૂનાગઢ તા.૮

જૂનાગઢનું કોર્પોરેશન એટલે ભ્રષ્ટાચારનું એપી સેન્ટર મનાય છે. દિવસ ઉગે અને એક કૌભાંડ બહાર આવે. મનપાનાં રાજસિંહાસન ઉપરથી નીચે ઉતરી ગયેલ ભાજપનાં કહેવાતા ભ્રષ્ટાચારી પદાધિકારીઓએ જૂનાગઢની રેવડી દાણાદાળ કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી.

વિકાસના નામે 'ઘરભેગું' કરવામાં ચાલતા કહેવાતા આ નેતાઓએ શહેરની જે દુર્દશા કરી છે તેને લઈને લોકો તેના ઉપર ફીટકાર વરસાવી રહ્યા છે. કહેવાય છે ને કે, ભ્રષ્ટાચારની પાપલીયા કયારેક ને કયારેક તો ખુલ્લી પડી જતી હોય છે. આવું જ હાલ બની રહ્યું છે જૂનાગઢનાં એકટીવીસ્ટ લોકેશ પોપટાણીએ આરટીઆઈ કરી અને મનપા પાસેથી કેટલીક વિગતો માંગી હતી અને આજથી એક મહિના પહેલા માંગેલી આરટીઆઈને કારણે તેમના ઉપર જીવનું જોખમ રહેલ હતું.

દરમ્યાન તેઓએ કરેલી આરટીઆઈનાં પ્રત્યુત્તરમાં જે માહિતી મળે છે તે ચોંકાવનારી જ નહીં પરંતુ હચમચાવી નાખનારી છે. તેઓએ ભ્રષ્ટાચારની પોલ ખોલી અને તમામ વિગતો મુકતો વીડીયો વાયરલ કરતાં ખળભળાટ મચી ગયેલ છે. જૂનાગઢ શહેરનાં પ્રજાજનો સમક્ષ મુકેલ આ વીડીયોમાં તેઓએ ચોંકાવનારી વિગતો મુકી છે.

લોકેશ પોપટાણીએ જણાવેલ છે કે, જૂનાગઢ મનપાથી રોશની શાખામાં કામ કરતી શ્રીનાથ લાઈટ એન્ડ સાઉન્ડ ડેકોરેશન પાસે પંખાની ખરીદી થઈ છે. જેમાં બજારમાં મળતો પંખો કે જેની કિંમત રૂા.૧૨૫૦ ગણાય છે. તેની ખરીદી રૂા.૨૪૫૦માં કરવામાં આવી છે અને ઉપરોકત એજન્સીને નાણા પણ ચુકવાઈ ગયા છે. આ ઉપરાંત જૂનાગઢ ટીંબાવાડી ખાતે આવેલા અર્બન હેલ્થ સેન્ટરમાં શુધ્ધ પાણીનાં બે પ્લાન્ટ નાખવામાં આવ્યા છે. બજાર કિંમત કરતાં વધુ નાણા એટલે કે, રૂા.૬ લાખની રકમ શ્રીનાથજી લાઈટ કન્સ્ટ્રકશન એજન્સીને ચુકવવામાં આવ્યા છે. આ ઉપરાંત ટીંબાવાડી અર્બન હેલ્થ સેન્ટરમાં ગ્રાન્ડ ફલોરથી ફર્સ્ટ ફલોર સુધીની લીફટ નાખવામાં આવી છે. જેનાં રૂા.૧૯,૪૩,૫૦૦ ચુકવવામાં આવ્યા છે. જૂનાગઢમાં કઈ હદે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે અને શ્રીનાથ લાઈટ એન્ડ ડેકોરેશન એજન્સીની ભૂમિકા કેવી છે અને સાંઠ ગાંઠથી કેટલો અત્યાર સુધીમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો તે બાબત તપાસનો વિષય આ ચોકાંવાનારી માહિતી લોકેશ પોપટાણી પ્રશ્ન સમક્ષ મુકી છે અને એ પણ જણાવેલ છે કે, આ બધી બાબતો કોઈપણ જાતનાં સુપરવીઝન વિના ત્રણ ગણા નાણા જેતે એજન્સીને ચુકવી દીધા છે. ત્યારે જવાબદાર તંત્રને આ અંગે પુછતા અમારે ઉપરથી ભાવ નક્કી થયા હોય તે મુજબ ચુકવણી થતી હોય છે તેમ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ શહેરમાં આવેલા ટીંબાવાડી ખાતે મહાનગરપાલીકા સંચાલીત અર્બન હેલ્થ સેન્ટરમાં એસી, પંખા, કુલર, લીફટ, જનરેટર, આરઓ પ્લાન્ટ વગેરે સુવિધા ઉભી કરવામાં આવી છે અને બાદમાં આ માટેના બીલ મુકાયા છે.

બીલમાં જે રકમ દર્શાવાઈ છે તે બજારમાં ઓનલાઈન કિંમત કરતાં વધારે છે ત્યારે આ બાબતની જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવે અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી આરટીઆઈ એકટીવીસ્ટ લોકેશ પોપટાણીએ કરી છે.

## વંથલીમાં વ્યાજે લીધેલા નાણાંની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

વંથલીમાં રહેતા યુવાને પૈસાની જરૂરીયાત ઉભી થતા અલગ અલગ લોકો પાસેથી વ્યાજે લીધેલ રૂપિયાનું વ્યાજ અને મુદલ ચુકવી દીધા છતા પઠાણી ઉઘરાણી કરી ધમકી આપ્યા અંગેની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે રફીકભાઈ યાકુબભાઈ કારવાએ સુરાભાઈ દરબાર રહે.મુળ ઉમરાળી હાલ.ભેસાણ, મારખીભાઈ આહીર રહે.કેશોદ(ઓફીસ : વંથલી દાદા મેન્શનના બંગલાની બાજુમાં) અને સાહીલભાઈ ધાધર રહે.ખાટકવાડા વંથલીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને રૂપીયાની જરૂરીયાત ઉભી થતા ફરીયાદીએ આરોપી સુરાભાઈ દરબાર રહે.મુળ ઉમરાળી ગામ હાલ રહે.ભેંસાણ વાળા પાસેથી રૂા.૧,૪૦,૦૦૦ ૧૫ ટકા વ્યાજે લીધેલ જેનું ફરીયાદીએ ૧૫ ટકા વ્યાજ તથા મુદલ રકમ ભરી દીધેલ તેમજ મારખીભાઈ પાસેથી રૂા.૧,૩૦,૦૦૦ ૧૫ ટકા વ્યાજે લીધેલ જેનું ફરીયાદીએ ૧૫ ટકા વ્યાજ તથા મુદલ રકમ ભરી દીધેલ અને સાહીલભાઈ રહે. વંથલીવાળા પાસેથી રૂા.૫૦,૦૦૦ ૨૦ ટકા વ્યાજે લીધેલ જેનું ફરીયાદીએ ૨૦ ટકા વ્યાજ ભરી દીધેલ હોવા છતા ત્રણેય આરોપીઓ ફરીયાદી પાસે રૂપીયાની બળજબરી પુર્વક માંગણીઓ કરી ધમકીઓ આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ રાણાએ હાથ ધરી છે.

## માણાવદર તાલુકાના થાપલા ગામના બુટલેગર વિરૂધ્ધ પાસાની કાર્યવાહી



જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના થાપલા ગામે કોબા શેરીમાં રહેતા ૨૪ વર્ષીય સાજણ ભીલા કોડીયાતર નામના શખ્સ વિરૂધ્ધ બાંટવા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનનો ગુનો નોંધાયો હતો અને તેના વિરૂધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવતા જીલ્લા મેજીસ્ટ્રેટે વોરન્ટ જાહેર કર્યુ હતું. જેના પગલે એલસીબીના પીઆઈ જે.જે. પટેલ અને સ્ટાફે કાર્યવાહી હાથ ધરી અને સાજણ કોડીયાતરને તેના ગામે આંગણવાડીની બાજુમાં આવેલા મકાન નજીકના વિસ્તારમાંથી ઝડપી લઈ સુરત ખાતેની લાજપોર જેલમાં મોકલી આપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં મિલ્કતના મનદુઃખે જાનથી મારી નાખવાની ધમકી આપી : ૪ સામે ફરિયાદ

જૂનાગઢ તા.૮

જૂનાગઢમાં મિલ્કતના મનદુઃખે જાનથી મારી નાખવાની ધમકી આપી અને કોઈ વસ્તુથી માર મારવાની કોશિષ કરવા અંગે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જગમાલચોકથી આગળ જતા રસ્તામાં બનેલા આ બનાવ અંગે ફરિયાદી રીઝવાન અબા મજીદભાઈ બીનહમદ (ઉ.વ.૩૦) રહેવાસી જૂનાગઢ મુળ નરસીંહ વિદ્યા મંદિરની સામે, કોલી વાડા, હાલ રહે.સાબરીન સોસાયટી નંદનવન રોડ, વિનાયક પ્લાઝા વાળી ગલીમાં, વાળાએ શેબુ આમદ પંજા, જાકીર આમદ પંજા, સાહીલ આમદ પંજા, ઈરફાન ઉર્ફે ઈલુ આમદ પંજા રહે.બધા બુકર ફળીયા, જુની બકાલા માર્કેટ પાસે, જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદીની પત્નીની મિલ્કત ફરિયાદીને આપવી ન હોય તે બાબતનું મનદુઃખ રાખી ફરિયાદીને અવાર નવાર જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ તેને ખોટા કેસમાં ફસાવી દેશું તેમ કહી ગઈકાલે રાત્રીના જાકીર આમદ પંજાએ ફરિયાદીને કોઈ વસ્તુથી મારી બિભત્સ શબ્દો કહી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ એ-ડીવી. પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. કે.જે. ડાભી ચલાવી રહ્યા છે.

## જૂનાગઢ : રાજલક્ષ્મી પાર્ક રોડ પરથી બિભત્સ ચેનચાળા કરતો યુવાન ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરના રાજલક્ષ્મી પાર્ક રોડ ઉપર મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતા શખ્સને સી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી રહી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ સી ડીવીઝન પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન વંથલીમાં રહેતા સમીરશા કાસમશા સર્વદીને રાજલક્ષ્મી પાર્ક ઉપર મહિલાઓ સામે બિભત્સ ચેનચાળા કરતા ઝડપી લઈ સી ડીવીઝન પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં શિક્ષણ
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેશનથી નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

- કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
- ફિંગર વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
- LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
- ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

- હરકયુલિસ સાયકલ
- કોરાડો સાયકલ
- હીરો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- બીએસએ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- વિકટર ૯૧ સાયકલ
- દાસ સાયકલ
- હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA
બેડરૂમ સેટ / મોડયુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર
- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૯૨